રવિવાર, 15 ફેબ્રુઆરી, 2026 મહા વદ તેરસ | "વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર" | ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## ટી-20 વર્લ્ડ કપ 2026: આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોમાં ખેલાશે મહામુકાબલો

શ્રીલંકાના કોલંબો સ્થિત આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં આજે રવિવારે T20 વર્લ્ડ કપ ૨૦૨૬ નો સૌથી હાઈ-વોલ્ટેજ મુકાબલો યોજાવા જઈ રહ્યો છે. ગ્રુપ-A ની આ મહત્વપૂર્ણ મેચમાં એશિયન દિગ્ગજ ભારત અને પાકિસ્તાન આમને-સામને ટકરાશે. બંને ટીમો ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય રહી છે, જેના કારણે સ્પર્ધા વધુ રોમાંચક બની છે. ટીમ ઈન્ડિયા બે મેચમાં ચાર પોઈન્ટ અને +૩.૦૫૦ ના શ્રેષ્ઠ નેટ રન રેટ સાથે ટેબલમાં મોખરે છે, જ્યારે પાકિસ્તાન પણ ચાર પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. ભારતીય ટીમ માટે સૂર્યકુમાર યાદવ મુખ્ય આધાર છે, જેણે યુએસએ સામે ૮૪ રનની અણનમ ઇનિંગ રમી હતી. બોલિંગ વિભાગમાં વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલ ૪-૪ વિકેટ સાથે શાનદાર લયમાં છે. જોકે, ઓપનર અભિષેક શર્માની બીમારીના કારણે તેની ઉપલબ્ધતા અંગે સસ્પેન્સ યથાવત છે. પાકિસ્તાન તરફથી સાહિબઝાદા ફરહાને બે મેચમાં ૧૨૦ રન બનાવી સૌનું ધ્યાન ખેંચ્યું છે, જ્યારે સલમાન મિર્ઝા અને અબરાર અહેમદ બોલિંગની કમાન સંભાળશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની સ્પર્ધા હંમેશા ખાસ રહી છે. T20 ઇન્ટરનેશનલમાં ૧૬ મુકાબલામાંથી ભારતે ૧૩ માં જીત મેળવી છે. ખાસ કરીને T20 વર્લ્ડ કપમાં ભારતનો રેકોર્ડ અત્યંત મજબૂત છે, જ્યાં ૮ માંથી ૭ વખત પાકિસ્તાનને હારનો સામનો કરવો પડ્યો છે. ૨૦૨૨ માં મેલબોર્ન ખાતે વિરાટ કોહલીની અવિસ્મરણીય ઇનિંગ અને ૨૦૨૪ માં ન્યૂયોર્કમાં ભારતે કરેલા સફળ ડિફેન્સે આ હરીફાઈને નવી ઊંચાઈ આપી છે. હવામાન વિભાગના રિપોર્ટ મુજબ, કોલંબોમાં રવિવારે બપોર પછી ગાજવીજ સાથે વરસાદ પડવાની ૫૦ થી ૭૦ ટકા શક્યતા છે. આ સ્થિતિમાં મેચના સમયે વાદળછાયું વાતાવરણ રહેશે અને રમત શરૂ થવામાં વિલંબ અથવા ઓવરોમાં કાપ મૂકવાની ફરજ પડી શકે છે. જો મેચ ધોવાઈ જાય તો બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવશે.

ચાહકો આ મહાશક્તિશાળી જંગનું લાઈવ પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર જોઈ શકશે, જ્યારે ડિજિટલ દર્શકો માટે જિયો હોટસ્ટાર એપ અને વેબસાઈટ પર લાઈવ સ્ટ્રીમિંગ ઉપલબ્ધ રહેશે. આ મેચ માત્ર સુપર-૮ માટે જ નહીં, પણ બંને દેશોની પ્રતિષ્ઠા માટે પણ અત્યંત મહત્વની છે.



**T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોમાં હાઈ-વોલ્ટેજ મેચ રમાશે. બંને ટીમો હાલ અજેય છે, પરંતુ ભારત નેટ રન રેટના આધારે ગ્રુપ-A માં ટોચ પર છે. વિજેતા ટીમ સીધી સુપર-૮ માં પ્રવેશ મેળવશે.**

## BCA ચેક બાઉન્સ કેસમાં સેશન્સ કોર્ટનો મહત્વનો નિર્ણય

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) દ્વારા દાખલ કરવામાં આવેલી વિલંબ માફીની અરજી મંજૂર કરી છે. ૨૦૦૭ માં સાંકરદા ખાતે જમીન ખરીદવાના સોદામાં બ્રોકર તરીકે રહેલા અરવિંદ જાનીએ આપેલો ₹૮.૧૧ કરોડનો ચેક બાઉન્સ થયો હતો. ટ્રાયલ કોર્ટે ઓક્ટોબર ૨૦૨૪ માં આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો. આ હુકમ સામે BCA એ પહેલા હાઈકોર્ટમાં અપીલ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટના નવા દિશાનિર્દેશ મુજબ સેશન્સ કોર્ટમાં અપીલ કરવી અનિવાર્ય હોવાથી ત્યાં ૨૩૩ દિવસનો વિલંબ થયો હતો. અદાલતે નોંધ્યું કે BCA દ્વારા કાનૂની ગૂંચવણને કારણે વિલંબ થયો છે અને તેમાં કોઈ બેદરકારી નથી. એસોસિએશન તરફથી દલીલ કરાઈ હતી કે હાઈકોર્ટમાં કાર્યવાહી સદ્ભાવનાથી કરવામાં આવી હતી. કોર્ટે આ દલીલ ગ્રાહ્ય રાખી ટેકનિકલ કારણોસર ન્યાયનો હક નકારવાને બદલે અપીલ સ્વીકારી છે. આ કેસ મૂળ ₹૪.૧૧ કરોડના એડવાન્સ પેમેન્ટ અને તેના વ્યાજ સાથે જોડાયેલો છે.




## દંતાલી જમીન કૌભાંડ: પાવર ઓફ એટર્નીનો ખોટો ઉપયોગ કરી છેતરપિંડી

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા દંતાલી ગામમાં કરોડોની કિંમતની જમીન પચાવી પાડવા માટે આચરવામાં આવેલા કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ કિસ્સામાં ખેડૂતોની જાણ બહાર તેમના જૂના પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરીને વિવાદ ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમદાવાદના સોલામાં રહેતા અને જમીન લે-વેચનું કામ કરતા જીગર રામભાઈ પટેલે આ અંગે જયંતીભાઈ અંબાલાલ પટેલ અને મયુર બળદેવભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વિગત મુજબ, દંતાલીની સર્વે નંબર ૨૩૧ વાળી જમીન નવી શરતની હોવાથી તેને જૂની શરતમાં ફેરવવા માટે વર્ષ ૨૦૧૬માં ખેડૂતોએ આરોપીઓને નોટરાઈઝ પાવર ઓફ એટર્ની કરી આપ્યો હતો. જોકે, ત્યારબાદ ખેડૂતોએ કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી વર્ષ ૨૦૨૨માં અન્ય ખરીદદારો સાથે વેચાણ દસ્તાવેજ કરી જમીનનો કબજો સોંપી દીધો હતો. છતાં, આરોપીઓએ જૂના પાવરનો ગેરકાયદેસર ઉપયોગ કરી વર્ષ ૨૦૨૦માં નકલી બાનાખત બનાવ્યું અને બાદમાં એકબીજાના નામે વેચાણ દસ્તાવેજ કરી દીધો હતો. આરોપીઓની મેલી મુરાદ જમીન માલિકો અને ખરીદદારો વચ્ચે વિવાદ ઊભો કરવાની હતી. ખેડૂતોને કોઈ અવેજ ચૂકવ્યા વિના આચરવામાં આવેલી આ છેતરપિંડી બદલ પોલીસે વિશ્વાસઘાત અને બનાવટની કલમો હેઠળ તપાસ તેજ કરી છે.




**ગાંધીનગરના દંતાલી ગામમાં કરોડોની જમીન હડપવાનું કૌભાંડ સામે આવ્યું છે. બે શખ્સોએ ખેડૂતોના જૂના પાવર ઓફ એટર્નીનો દુરુપયોગ કરી બારોબાર દસ્તાવેજો બનાવી લીધા હતા. આ મામલે અડાલજ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.**

## વડોદરા શિવજી કી સવારી: 5 લાખની મેદની વચ્ચે લોખંડી સુરક્ષા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં મહાશિવરાત્રિના ઉત્સાહ વચ્ચે સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવી એ પોલીસ માટે મોટો પડકાર છે. આ વખતે 'શિવજી કી સવારી' દરમિયાન અંદાજે ૫ લાખની મેદની ઉમટવાની હોવાથી પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે ૩૫૦૦ કર્મચારીઓનો વિશેષ સુરક્ષા કોર્ડન તૈયાર કર્યો છે. જેમાં ૯ DCP, ૧૬ ACP, ૮૫ PI અને ૧૭૫ PSI નો સમાવેશ થાય છે. આ બંદોબસ્તમાં ૭૫૦ હોમગાર્ડ્સ અને ટ્રાફિક પોલીસની પણ મદદ લેવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આ ઉત્સવમાં જોડાવાના હોવાથી સ્ટેટ રિઝર્વ ફોર્સ (SRF) અને રેપિડ એક્શન ફોર્સ (RAF) ને પણ તૈનાત કરવામાં આવી છે. યાત્રાના સમગ્ર રૂટ પર પોલીસ દ્વારા ફૂટ માર્ચ કરવામાં આવી છે અને હાઈરાઈઝ બિલ્ડિંગો તેમજ ધાર્મિક સ્થળોનું સુરક્ષાની દ્રષ્ટિએ ચેકિંગ કરવામાં આવ્યું છે. વધુમાં, ૨૩ અન્ય સ્થળોએ યોજાનારા પૂજા કાર્યક્રમો માટે પણ આયોજકોને જરૂરી સૂચનાઓ અપાઈ છે.

**વડોદરામાં મહાશિવરાત્રિ પર્વે નીકળનારી 'શિવજી કી સવારી' માટે ૩૫૦૦ પોલીસ જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિ અને ભારત-પાકિસ્તાન મેચને પગલે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સજ્જ કરવામાં આવી છે.**



મહાશિવરાત્રિના પર્વ સાથે જ ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ ક્રિકેટ મેચ પણ યોજાવાની છે. મેચને લઈને કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે શહેરના અતિ-સંવેદનશીલ વિસ્તારોમાં અત્યારથી જ પેટ્રોલિંગ વધારી દેવાયું છે. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે જેથી શાંતિ જળવાઈ રહે.

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે હવે 6 લેન બનશે, પ્રક્રિયા શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ અને વડોદરા વચ્ચે મુસાફરી કરતા લાખો લોકો માટે સારા સમાચાર છે. નેશનલ હાઈ-વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે (NE-1) ને હાલના ૪ લેનથી વધારીને ૬ લેન કરવા માટેની પ્રક્રિયા હાથ ધરી છે. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આ પ્રોજેક્ટના DPR માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ ૯૩ કિમી લાંબો એક્સપ્રેસ-વે અમદાવાદ, નડિયાદ, આણંદ અને વડોદરાને જોડતો મુખ્ય આર્થિક કોરિડોર છે. છેલ્લા બે દાયકામાં ઉદ્યોગો અને લોજિસ્ટિક્સના વિકાસને કારણે અહીં ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે વધ્યું છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે સાથે જોડાણ થતાં આગામી સમયમાં ટ્રાફિક હજુ વધવાની શક્યતા છે, જેને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. ગુજરાત સરકારે આ માર્ગને ૮-લેન કરવાની માંગ કરી હતી, જોકે હાલ ૬-લેન માટે પ્રક્રિયા શરૂ કરાઈ છે. સદનસીબે, માર્ગની બંને બાજુ પૂરતી જગ્યા હોવાથી વધારાની જમીન સંપાદન કરવાની જરૂર નહીં પડે, જેથી પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થઈ શકશે.



**અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વેને 6 લેન કરવા NHAIએ DPR માટે ટેન્ડર બહાર પાડ્યું. 93 કિમીના માર્ગનું વિસ્તરણ ટ્રાફિક ઘટાડશે.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# AMCનો પ્લાસ્ટિક પર દંડનો કોરડો: વેપારીઓ નિશાન પર, ઉત્પાદકો ક્યારે?

## પ્લાસ્ટિક પ્રતિબંધ: મ્યુનિસિપલ કોર્પોરેશનનો માત્ર ફેરિયાઓ પર દંડ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ફરી એકવાર સાબિત કરવામાં આવ્યું છે કે તેમની તમામ તાકાત માત્ર નાના માણસો પર જ ચાલે છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધના નામે તંત્રએ દંડનો નવો ફતવો બહાર પાડ્યો છે. સોલિડ વેસ્ટ કમિટીમાં રજૂ કરવામાં આવેલી દરખાસ્ત મુજબ, હવે જો કોઈ નાનો ફેરિયો કે વેપારી ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિક થેલી સાથે પકડાશે, તો તેની પાસેથી પ્રથમ વખત ૧૦૦૦, બીજી વખત ૩૦૦૦ અને ત્રીજી વખત ૫૦૦૦ રૂપિયા જેવી તોતીંગ રકમ વસૂલવામાં આવશે. એટલું જ નહીં, ધંધાર્થીની રોજીરોટી છીનવીને તેની દુકાન સીલ કરવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

નાના વેપારીઓ જ કેમ નિશાન પર? તંત્રની આ કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. શું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માત્ર હપ્તાખોરીના સહારે ચાલી રહ્યું છે? બજારમાં જે પ્લાસ્ટિક વેચાય છે, તેનું ઉત્પાદન ક્યાં થાય છે તેની જાણકારી શું તંત્ર પાસે નથી? જો હાઇકોર્ટના આદેશનું પાલન કરવું જ હોય, તો પ્લાસ્ટિક બનાવતી ફેક્ટરીઓ પર દરોડા પાડીને તેને કેમ બંધ કરવામાં આવતી નથી? વાસ્તવિકતા એ છે કે મોટા ઉત્પાદકો સાથે તંત્રની 'અઘોષિત સમજૂતી' હોવાના આક્ષેપો થઈ રહ્યા છે, જેના કારણે માત્ર નાના શાકભાજીવાળા અને ગરીબ ફેરિયાઓને જ ટાર્ગેટ કરવામાં આવે છે. કોર્પોરેશનનો દાવો છે કે તેમણે ૧૬ લાખથી વધુ કાપડની થેલીઓ વહેંચી છે. જો આટલી મોટી સંખ્યામાં થેલીઓ વહેંચાઈ હોય, તો પછી પ્લાસ્ટિકની જરૂરિયાત કેમ ઉભી થઈ રહી છે? શું આ માત્ર કાગળ પર બતાવવાનો આંકડો છે કે પછી આમાં પણ કોઈ મોટું કૌભાંડ છે? તંત્ર જનતામાં જાગૃતિ લાવવાની વાતો કરે છે, પણ હકીકતમાં તે માત્ર દંડના નામે રેવન્યુ ટાર્ગેટ પૂરો કરવામાં રસ ધરાવે છે. નાના વેપારીઓ જે માંડ પોતાનું ગુજરાન ચલાવે છે, તેમના પર ૫૦૦૦નો દંડ લાદવો એ ક્યા પ્રકારનો ન્યાય છે? શહેરીજનો હવે પૂછી રહ્યા છે કે શું તંત્રની હિંમત કોઈ મોટા જથ્થાબંધ વેપારી કે ઉત્પાદકનું ગોડાઉન સીલ કરવાની છે ખરી? કે પછી આ બધી કાર્યવાહી માત્ર ગરીબોના ખિસ્સા ખાલી કરવા માટે જ છે?




**અમદાવાદમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધની અમલવારીના નામે તંત્રનો નવો 'દંડનો ખેલ' શરૂ થયો છે. ગુજરાત હાઇકોર્ટના આદેશનો હવાલો આપીને હવે શાકભાજી અને ફ્રૂટ માર્કેટના નાના ફેરિયાઓ પાસેથી પ્રથમ ભૂલ પર ૧૦૦૦ અને ત્રીજી વાર ૫૦૦૦ રૂપિયા લૂંટવામાં આવશે. આશ્ચર્યની વાત એ છે કે, કોર્પોરેશન ૧૬ લાખ કાપડની થેલી વહેંચ્યાનો દાવો કરે છે, છતાં બજારમાં પ્લાસ્ટિક કેમ મળે છે? શું તંત્રના હપ્તાખોરીના પાપે ઉત્પાદકોને છૂટો દોર અપાયો છે અને માત્ર નાના વેપારીઓને જ ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે?**

# ગુજરાત યુનિવર્સિટી: સ્વામી વિવેકાનંદના મદ્રાસ ઉદ્બોધનની ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનના રાજ્યશાસ્ત્ર વિભાગ ખાતે સ્વામી વિવેકાનંદજીના ઐતિહાસિક મદ્રાસ ઉદ્બોધનની ૧૨૯મી વાર્ષિકીની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ દિવસ ૧૪ ફેબ્રુઆરી ૧૮૯૭ની તે ઐતિહાસિક ક્ષણને યાદ કરવાનો છે જ્યારે સ્વામીજીએ “ભારતનું ભાવિ” વિષય પર પ્રેરણાદાયી ઉદ્બોધન આપ્યું હતું. તેમણે ભારતમાતાને આરાધ્યા દેવી ગણી તેમની સેવા કરવાનું જે આહ્વાન કર્યું હતું, તે આજે પણ યુવાનોમાં રાષ્ટ્રચેતના જગાડવાનું કાર્ય કરી રહ્યું છે.

કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. હિતેશ પટેલે સ્વામીજીના રાષ્ટ્રનિર્માણના વિચારોને પથદર્શક ગણાવ્યા. મુખ્ય અતિથિ કેપ્ટન ડૉ. હરદીપસિંહ ગોહિલ અને ડૉ. રંજનાબેન ધોળકિયાએ ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટે યુવાનોના સમર્પણની આવશ્યકતા પર ભાર મૂક્યો. રાષ્ટ્રજાગરણ અભિયાનના સંયોજકો કેવલ હરણ અને રાધિકા યાજ્ઞિકે જણાવ્યું કે ભારત જ્યારે ૨૦૪૭માં સ્વાતંત્ર્યની શતાબ્દિ ઉજવશે, ત્યારે ભારતમાતાને વૈશ્વિક મંચ પર “નિખિલ જગતમાતા”ના પદે બિરાજમાન કરવા માટે યુવા પેઢીએ આજથી જ કટિબદ્ધ થવું પડશે. આ અવસરે વિભાગના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાવીર ડાભી દ્વારા આભારવિધિ કરવામાં આવી અને સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયું હતું. વંદે માતરમના ગાન સાથે આ પ્રેરણાદાયી ઉજવણી સંપન્ન થઈ.



# મનન વિદ્યાલયમાં મહાશિવરાત્રિ અને શહીદોને શ્રદ્ધાંજલિ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી સ્થિત મનન વિદ્યાલયમાં મહાશિવરાત્રિ પર્વની ખૂબ જ સુંદર અને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ધાર્મિક સંસ્કારો સાથે દેશભક્તિની ભાવના જગાડવાનો હતો. શાળાના નાના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર પોતે બનાવેલા માટીના શિવલિંગ ઘરેથી લાવ્યા હતા. શાળાના મેદાનમાં આ શિવલિંગોની પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને ત્યારબાદ તેનું પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે પરિસરમાં જ વિસર્જન કરવામાં આવ્યું હતું. ધાર્મિક કાર્યક્રમની સાથે સાથે શાળા પરિવારે 14 ફેબ્રુઆરીના કાળા દિવસને પણ યાદ કર્યો હતો. વર્ષ 2019માં પુલવામામાં થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોની સ્મૃતિમાં વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ શહીદોના માનમાં મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મનન વિદ્યાલયના આ પ્રયાસને વાલીઓ અને સ્થાનિકોએ બિરદાવ્યો હતો, જ્યાં બાળકોએ ભક્તિ અને રાષ્ટ્રપ્રેમનો એકસાથે અનુભવ કર્યો હતો.



## કેશ મશીનમાં ચેડાં કરી ચોરી અને જૂની અદાવતમાં હુમલો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના 132 ફૂટ રિંગ રોડ પર આવેલી ICICI બેંકમાં ચોરીની એક અનોખી પદ્ધતિ સામે આવી છે. બેંક મેનેજર સુજેશભાઇ શાહને ગ્રાહકની ફરિયાદ મળતા સીસીટીવી તપાસ્યા હતા, જેમાં ત્રણ શખ્સો મશીન સાથે ચેડાં કરતા દેખાયા હતા. આરોપીઓએ મશીન સાથે મોબાઇલ અને અન્ય ડિવાઇસ જોડી, ગ્રાહકે પૈસા જમા કરાવ્યા બાદ પાવર સપ્લાય બંધ કરી દીધો હતો. ત્યારબાદ સ્ક્રુ ડ્રાઇવર અને તારની મદદથી ડિપોઝિટર બોક્સ ખોલીને અટવાયેલા 52 હજાર રૂપિયા ચોરી લીધા હતા. સેટેલાઇટ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અન્ય એક કિસ્સામાં, વસ્ત્રાપુરમાં રહેતા અને કાર ભાડે આપતા મહાવીરસિંહ મોરી પર જીવલેણ હુમલો થયો છે. અગાઉ ગાડી હટાવવા બાબતે થયેલા વિવાદમાં સરખેજ પોલીસ સ્ટેશનમાં સમાધાન થયું હતું. જોકે, બીજા દિવસે રાત્રે પરેશ રબારી, લાલો ભરવાડ અને મોન્ટુ ભરવાડ સહિતના 15 શખ્સોએ હથિયારો સાથે ધસી આવી મહાવીરસિંહને છરાના ઘા માર્યા હતા અને ગાડીમાં તોડફોડ કરી હતી. પોલીસે હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

## હાઈકોર્ટ: મુસ્લિમ કાયદામાં પૈતૃક મિલકતનો ખ્યાલ લાગુ નથી

**દૈનિક પલ્સ સમાચાર:** પિતાની મિલકતમાં હિસ્સો મેળવવા માટે મુસ્લિમ મહિલા દ્વારા કરવામાં આવેલી અરજી પર ગુજરાત હાઇકોર્ટે મહત્વનો કાયદાકીય આદેશ આપ્યો છે. વડોદરાના ભાઈ-બહેનો વચ્ચેના મિલકત વિવાદમાં હાઇકોર્ટે ઠરાવ્યું છે કે મુસ્લિમ કાયદા હેઠળ જન્મસિદ્ધ અધિકારનો કોઈ ખ્યાલ નથી. હિન્દુ કાયદાથી વિપરીત, મુસ્લિમ પર્સનલ લોમાં 'નેમો એસ્ટ હેરેસ વિવેન્ટિસ' એટલે કે 'જીવંત વ્યક્તિનો કોઈ વારસદાર હોતો નથી' ના સિદ્ધાંતને માન્યતા આપવામાં આવી છે. કોર્ટે અવલોકન કર્યું કે મુસ્લિમ પરિવારમાં કોઈ વ્યક્તિ તેના પિતા કે માલિકના જીવતા હોવા સુધી મિલકત પર હક જમાવી શકતી નથી. વારસાનો અધિકાર વ્યક્તિના મૃત્યુ પછી જ ઉદ્ભવે છે. આ કેસમાં એક પુત્રીએ તેના ભાઈઓના નામે રહેલી મિલકતોને સંયુક્ત કુટુંબની આવકમાંથી ખરીદાયેલી ગણાવી હિસ્સો માંગ્યો હતો. જોકે, હાઇકોર્ટે સ્પષ્ટ કર્યું કે મુસ્લિમ કાયદામાં 'સંયુક્ત કુટુંબ ભંડોળ' કે 'પૈતૃક મિલકત' ની ધારણાઓ અજાણ છે, તેથી આવી મિલકતોના વેચાણ કે ભેટ સામે વારસદાર વાંધો ઉઠાવી શકે નહીં.

## શેલામાં બિલ્ડર હેમાંગ ભટ્ટ પર અજાણ્યા શખ્સોનો ખૂની હુમલો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના શેલા વિસ્તારમાં રહેતા અને ગેલેક્ષી ગ્રૂપ કન્સ્ટ્રક્શન સાથે સંકળાયેલા જાણીતા બિલ્ડર હેમાંગ ભટ્ટ પર હથિયારધારી શખ્સોએ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની વિગત મુજબ, હેમાંગભાઈ ૧૩ ફેબ્રુઆરીની સવારે પોતાના ઘરેથી મર્સીડીઝ કારમાં ડ્રાઈવર સાથે નરોડા સ્થિત ઓફિસે જવા નીકળ્યા હતા.

સોસાયટીની બહાર નીકળતા જ નંદનબાગ રોડ ચાર રસ્તા પાસે અગાઉથી ટાંપીને બેઠેલા હુમલાખોરોએ સ્વિફ્ટ કાર બિલ્ડરની ગાડી સાથે ભટકાવી હતી. અકસ્માતનો ડોળ કરીને સ્વિફ્ટમાંથી ઉતરેલા બે શખ્સો અને બીજી ગાડીમાં આવેલા અન્ય ચાર શખ્સોએ લોખંડની પાઇપ અને લાકડીઓ વડે બિલ્ડર પર આડેધડ પ્રહાર કર્યા હતા. વચ્ચે પડનાર ડ્રાઈવરને પણ આરોપીઓએ માર માર્યો હતો. બિલ્ડરને ગંભીર ઈજાઓ પહોંચાડી આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. બોપલ પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવી આરોપીઓની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

**સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫**

# વડોદરા: થાર ચલાવતી યુવતીએ યુવકને કચડ્યો, ઘટનાસ્થળે જ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સન ફાર્મા રોડ પર પૂરપાટ ઝડપે દોડતી થાર કારે એક આશાસ્પદ યુવકનો જીવ લીધો છે. ૧૩ ફેબ્રુઆરીની મોડી રાત્રે ૨૭ વર્ષીય અભિષેક મોરે નોકરી પરથી પરત ફરતી વખતે પાર્સલ આપવા જઈ રહ્યો હતો, ત્યારે લગ્ન પ્રસંગમાંથી આવતી ૧૯ વર્ષીય ઋષિકા સદનાનીએ તેને અડફેટે લીધો હતો. બેફામ ગતિએ આવતી થારની ટક્કરથી અભિષેકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં લોકો અકસ્માત બાદ દોડી આવતા જોઈ શકાય છે. આશ્ચર્યજનક વાત એ છે કે, આ જ થારચાલક યુવતીએ બે દિવસ અગાઉ મહારાષ્ટ્રના એક પરિવારના રોજીરોટી સમાન શેરડીના રસ કાઢવાના મશીનને ટક્કર મારી તોડી નાખ્યું હતું. રાત્રે ૧ વાગ્યે બનેલી આ ઘટનાને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે પોલીસ આરોપી ઋષિકાને પંચનામું કરવા લાવી ત્યારે લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલી મહિલાઓએ પોલીસ વાનમાંથી ઋષિકાને ખેંચીને મારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે ભારે જહેમત બાદ તેનો બચાવ કરી તેને ત્યાંથી સુરક્ષિત રીતે દૂર કરી હતી. મૃતક યુવકના પિતાની ફરિયાદના આધારે પોલીસે યુવતીની ધરપકડ કરી છે. કારમાં ઋષિકાની સાથે તેની અન્ય બે ફ્રેન્ડ્સ પણ સવાર હતી.



## જમીન માફિયા વિનુ માલવિયાની ધરપકડ, મીડિયા સામે ભડક્યો



**દૈનિક પલ્સ સમાચાર:** સુરતનો કુખ્યાત જમીન માફિયા વિનુ માલવિયા ઇકોનોમિક સેલના સકંજામાં છે, છતાં તેનામાં કાયદાનો કોઈ ખોફ દેખાતો નથી. વેસુમાં કરોડોની જમીન માટે બોગસ સાટાખત બનાવનાર આ શખ્સને જ્યારે કોર્ટમાં રજૂ કરાયો, ત્યારે તે મીડિયાના કેમેરા જોઈ ભડક્યો હતો. ૧૧ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવા છતાં તે નૈતિકતાના પાઠ ભણાવતો નજરે પડ્યો હતો. પોલીસ તેને 'ચાલાક ગુનેગાર' ગણાવે છે, જે હવે જેલના સળિયા પાછળ છે.

## સુરત: કેડિયા બેટમાં ભીષણ આગનો વીડિયો રહસ્યમયી



**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના કેડિયા બેટ વિસ્તારમાં રાત્રિના અંધકારમાં ભીષણ આગ લાગી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થયો છે. જોકે, સુરત ફાયર વિભાગે સ્પષ્ટતા કરી છે કે તેમને આગ અંગે કોઈ 'કોલ' મળ્યો નથી. આ વિરોધાભાસે રહસ્ય સર્જ્યું છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં SOG દ્વારા અહીં ગેરકાયદે બાયો-ડીઝલનો જથ્થો ઝડપાયો હતો, જેથી કોઈ ગેરકાયદે પ્રવૃત્તિના પુરાવા નાશ કરવા આગ લગાડાઈ હોવાની આશંકા છે.

## RTO ઈ-ચલણના નામે છેતરતી જામતારા ગેંગનો પર્દાફાશ



**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં સાયબર ઠગોએ છેતરપિંડીનો નવો રસ્તો અપનાવ્યો છે. વોટ્સએપ પર નકલી RTO ઇ-ચલણની લિંક મોકલી લોકોના ફોન હેક કરનારી જામતારા ગેંગના ૩ સાગરીતો સુરતમાંથી પકડાયા છે. આ ગેંગ ૧૦% કમિશન લઈ કાળા નાણાંને સફેદ કરવાનું કામ કરતી હતી. પોલીસે ૨૨૭ ક્રેડિટ કાર્ડ અને આશરે ૯૨ લાખથી વધુના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન ઝડપી પાડ્યા છે. એક એન્જિનિયર પણ આ કૌભાંડમાં સામેલ હોવાનું ખુલ્યું છે.

# વિકસિત કેરલમ: કેરળના ભાજપના પ્રતિનિધિઓની વડોદરાની મુલાકાત

## વડોદરા: કેરળના જનપ્રતિનિધિઓનું પાલિકામાં ભવ્ય સ્વાગત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતનું વિકાસ મોડલ અને વડોદરા મહાનગરપાલિકાની શ્રેષ્ઠ કાર્યપ્રણાલીનો અભ્યાસ કરવા માટે કેરળના ભાજપના જનપ્રતિનિધિઓનું એક ઉચ્ચ સ્તરીય મંડળ 'વિકસિત કેરલમ' કાર્યક્રમ અંતર્ગત વડોદરાની બે દિવસીય મુલાકાતે આવ્યું છે. આ મંડળનું આગમન થતાં જ વડોદરા રેલ્વે સ્ટેશન ખાતે પાલિકાના પદાધિકારીઓ અને ભાજપના કાર્યકરો દ્વારા ફૂલહારથી તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રેલ્વે સ્ટેશનથી સીધા જ આ પ્રતિનિધિ મંડળે વડોદરા મહાનગરપાલિકા (VMC) ની મુલાકાત લીધી હતી. જ્યાં મેયર પિંકી સોનીએ વડોદરાના ઐતિહાસિક વારસાની સાથે વર્તમાન સમયમાં ચાલી રહેલા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, બ્રીજ પ્રોજેક્ટ્સ અને પર્યાવરણ લક્ષી કામગીરીની માહિતી આપી હતી. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પાલિકાની આવકના સ્ત્રોત, બજેટ ફાળવણી અને ડિજિટલ ગવર્નન્સ વિશે સમજ આપી હતી. ત્રિવેન્દ્રમ મહાનગરપાલિકામાં ભાજપની ઐતિહાસિક જીત બાદ, ત્યાંની લોકસુવિધાઓ વધારવા માટે આ મંડળ ગુજરાતના વિવિધ શહેરોની મુલાકાત લઈ રહ્યું છે. કેરળથી આવેલા જનપ્રતિનિધિઓએ વડોદરા પાલિકાની કાર્યશૈલીના મુક્ત કંઠે વખાણ કરતા જણાવ્યું હતું કે, "અહીંના ઘણા પ્રોજેક્ટ્સ ખૂબ જ પ્રગતિશીલ છે. ખાસ કરીને જનભાગીદારી અને ટેકનોલોજીનો જે રીતે ઉપયોગ થાય છે તે અદભૂત છે. અમે અહીંના બેસ્ટ પ્રેક્ટિસિઝને કેરળમાં કેવી રીતે અમલી કરી શકાય તે અંગે ગંભીરતાથી વિચારી રહ્યા છીએ." મુલાકાત દરમિયાન ડો. શીતલ મિસ્ત્રી, ચિરાગ બારોટ, મનોજ પટેલ, શૈલેષ પાટીલ અને ડો. હિતેન્દ્ર પટેલ જેવા વરિષ્ઠ નેતાઓએ કેરળના મહેમાનો સાથે વિકાસના મુદ્દે ચર્ચા કરી હતી. વહીવટી મુલાકાત ઉપરાંત, આ મંડળ વડોદરાની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાથી પણ વાકેફ થશે. તેઓ આવતીકાલે મહાશિવરાત્રી પર્વ નિમિત્તે નીકળનારી વિશ્વપ્રસિદ્ધ 'શિવજી કી સવારી'માં પણ હાજરી આપશે, જે વડોદરાની ભવ્યતા અને એકતાનું પ્રતીક છે. આ મંડળ વડોદરા બાદ સુરતની મુલાકાતે રવાના થશે, જ્યાં તેઓ સુરત પાલિકાના ડાયમંડ સિટી પ્રોજેક્ટ્સ અને સફાઈ મોડલનો અભ્યાસ કરશે. આ મુલાકાતથી બંને રાજ્યો વચ્ચે વિકાસના કાર્યોમાં નવા સમીકરણો રચાય તેવી શક્યતા છે.




**'વિકસિત કેરલમ' પ્રોજેક્ટ હેઠળ કેરળના ભાજપના જનપ્રતિનિધિઓ વડોદરાની બે દિવસીય મુલાકાતે આવ્યા છે. તેઓએ વડોદરા મહાનગરપાલિકાના પ્રોજેક્ટ્સ અને કાર્યશૈલીની માહિતી મેળવી હતી. આવતીકાલે આ મંડળ વડોદરાની પ્રસિદ્ધ 'શિવજી કી સવારી'માં પણ ઉત્સાહભેર જોડાશે.**

# વડોદરા: કેનેડા ભણાવવાની લાલચ આપી પરિણીતા પર સામૂહિક દુષ્કર્મ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નવાપુરા વિસ્તારમાં એક પરિણીતા અને તેની માસૂમ દીકરીના જીવન સાથે ખેલ ખેલનારા સફેદપોશ નરાધમોનો પર્દાફાશ થયો છે. આર.વી. દેસાઈ રોડ પર રહેતી જ્યોત્સના શાહ અને તેના પુત્રોએ પારિવારિક સંબંધોનો દુરુપયોગ કરી પરિણીતાને શિકાર બનાવી હતી. શરૂઆતમાં દીકરીને કેનેડા ભણાવવા મોકલવાનું સપનું બતાવી વિશ્વાસ જીત્યો અને ત્યારબાદ 2022માં મેહુલ શાહે દુષ્કર્મ આચર્યું હતું. આ ગુનામાં અન્ય સાથીઓએ છુપા કેમેરાથી અશ્લીલ વીડિયો ઉતારી બ્લેકમેલિંગનું હથિયાર બનાવ્યું હતું. પીડિતાનો આક્ષેપ છે કે આ વીડિયોના જોરે તેને અવારનવાર પીંખવામાં આવતી હતી. 2025માં જલ્પેશ શાહે તેને પોતાના ઘરે બોલાવી બળજબરી કરી અને તેની દીકરી સાથે પણ શારીરિક અડપલાં કર્યા હતા. એટલું જ નહીં, આરોપીઓ સાથે ચાલતા નાણાકીય લેતીદેતીના કોર્ટ કેસો પાછા ખેંચી લેવા માટે આ વીડિયોનો ઉપયોગ કરી ધમકી આપવામાં આવતી હતી કે "જો કેસ પાછા નહીં ખેંચાય તો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દઈશું." સતત માનસિક અને શારીરિક શોષણથી કંટાળેલી પરિણીતાએ આખરે નવાપુરા પોલીસ સ્ટેશનમાં પાંચ નરાધમો વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસે કાર્યવાહી કરતા હિમેશ કહારની ધરપકડ કરી છે, પરંતુ શાહ પરિવારના મુખ્ય આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી બહાર છે. શું વડોદરા પોલીસ આ હવસખોરોને જેલના સળિયા પાછળ ધકેલશે કે પછી વગદાર આરોપીઓ છટકી જશે?

**વડોદરાના નવાપુરા વિસ્તારમાં માનવતા મરી પરવારી હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પડોશી અને પરિચિતોએ જ પરિણીતાની દીકરીને કેનેડા ભણાવવાની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હતું. આ નરાધમોએ એટલી હદે નીચતા બતાવી કે છુપા કેમેરાથી વીડિયો ઉતારી પરિણીતાને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું. વર્ષ 2022 થી ચાલી રહેલા આ ત્રાસમાં પરિણીતાની દીકરી સાથે પણ અડપલાં કરાયાં હોવાનો ચોંકાવનારો આક્ષેપ છે. કોર્ટ કેસ પાછા ખેંચવા વીડિયો વાયરલ કરવાની ધમકી અપાતા અંતે ભોગ બનનારે હિંમત દાખવી નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે**

# LC માટે મહિલાને હોટલમાં બોલાવનાર આચાર્ય ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદમાં એક શરમજનક કિસ્સો સામે આવ્યો છે, જેમાં શાળાના આચાર્યએ વાલી સાથે અભદ્ર વ્યવહાર કર્યો છે. એક મહિલા પોતાના બે બાળકોની શાળા બદલવા માંગતી હોવાથી તેમણે LC માટે અરજી કરી હતી. જોકે, શાળાના ઇન્ચાર્જ આચાર્ય કિરીટસિંહ ઝાલાએ LC આપવા માટે મહિલાને વોટ્સએપ પર ખોટા મેસેજ કર્યા હતા અને અંતે અમદાવાદના હાથીજણ સર્કલ પાસે આવેલી રોયલ ઇન હોટલમાં મળવા બોલાવી હતી. મહિલા આચાર્યની દાનત સમજી ગઈ હતી, તેથી તે પોતાના પરિવાર સાથે હોટલ પર પહોંચી હતી. હોટલના રૂમમાં આચાર્ય કિરીટસિંહ પહેલેથી જ LC બુક લઈને તૈયાર બેઠો હતો. પરિવારે રૂમમાં ધસી જઈને આચાર્યને રંગેહાથ ઝડપી પાડ્યો હતો અને સમગ્ર ઘટનાનો વીડિયો ઉતાર્યો હતો. વીડિયોમાં લંપટ આચાર્ય હાથ જોડીને માફી માંગતો અને મોઢું ઢાંકતો નજરે પડ્યો હતો. આ મામલે વટવા GIDC પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ તેજ કરી છે અને આચાર્યને પોલીસ સ્ટેશનમાં હાજર થવા નોટિસ પાઠવી છે.

**નડિયાદની એક શાળાના આચાર્ય કિરીટસિંહ ઝાલાએ બાળકોના LC આપવાના બહાને મહિલા વાલીને અમદાવાદની હોટલમાં બોલાવી હતી. પરિવારે આચાર્યને હોટલના રૂમમાંથી LC બુક સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ મામલે વટવા GIDC પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.**





**યુવા પેઢીને નેતૃત્વ આપવાની કોંગ્રેસ પક્ષની પરંપરાને સાર્થક કરતા, વડોદરા શહેર કોંગ્રેસના પ્રવક્તા તરીકે નિમણૂક થવા બદલ વિશાલ પટેલને હાર્દિક અભિનંદન. આપની શિક્ષિત પ્રતિભા અને પક્ષ પ્રત્યેની નિષ્ઠા વડોદરા કોંગ્રેસના અવાજને વધુ બુલંદ બનાવશે તેવી આશા સાથે સફળતાની અઢળક શુભેચ્છાઓ. 💐**


# દાંતીવાડા: વિજય વિદ્યામંદિરમાં માતા-પિતા અને ગુરુ વંદનાનો કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** દાંતીવાડાની વિજય વિદ્યામંદિર શાળામાં આજે સંસ્કાર અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ૧૪ ફેબ્રુઆરીના પવિત્ર દિવસે જ્યારે દુનિયા અન્ય રીતે ઉજવણી કરી રહી છે, ત્યારે આ શાળાએ વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કારો તરફ વાળવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. શાળાના પ્રાર્થના હોલમાં 'માતા-પિતા અને ગુરુ વંદના' ના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણથી બચાવીને પોતાની મૂળભૂત સંસ્કૃતિ અને વડીલોના મહત્વથી વાકેફ કરવાનો હતો. સ્નેહાબેન બોચાતર, આરતીબેન મારવાડિયા, વિધિબેન દેસાઈ, ભારતીબેન માળી અને કિંજલબેન ચોહાણ જેવા અનેક વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસ સાથે પોતાના માતા-પિતાનું પૂજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક પોતાના ગુરુઓ અને માતા-પિતાને તિલક કરી પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતા. ચરણ સ્પર્શની આ વિધિ સમયે વાતાવરણ અત્યંત ભાવુક બની ગયું હતું.

કાર્યક્રમની પૂર્ણાહુતિ પર શાળાના આચાર્ય બી.એમ. રાવળે સંબોધન કરતા કહ્યું કે, માતા-પિતા અને ગુરુ એ જીવનના જીવંત દેવતા છે અને તેમની સેવા જ સાચું શિક્ષણ છે. તેમણે કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા માટે શાળાના તમામ શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફની જહેમતને બિરદાવી હતી. આ કાર્યક્રમ દાંતીવાડા પંથકમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.




# વડોદરા મહાનગરપાલિકા પાણીના પ્રોજેક્ટ્સ માટે બ્લ્યુ બોન્ડ બહાર પાડશે

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકા તેના નાણાકીય વ્યવસ્થાપન અને શહેરી વિકાસ માટે ફરી એકવાર ઈતિહાસ રચવા જઈ રહી છે. અગાઉના મ્યુનિસિપલ બોન્ડ્સને મળેલી જબરદસ્ત સફળતા બાદ, પાલિકા હવે રૂ. 200 કરોડના 'બ્લ્યુ બોન્ડ'નો પબ્લિક ઈશ્યુ બહાર પાડવા જઈ રહી છે. આ બોન્ડ ખાસ કરીને શહેરની પાણી પુરવઠા યોજનાઓ અને જળ વ્યવસ્થાપનના પ્રોજેક્ટ્સ માટે ભંડોળ એકત્ર કરવાના હેતુથી લાવવામાં આવશે.

આ વખતે VMC એ આયોજન કર્યું છે કે માત્ર સંસ્થાગત રોકાણકારો જ નહીં, પણ વડોદરાના સામાન્ય નાગરિકો પણ આ વિકાસ ગાથામાં ભાગીદાર બને. આ પબ્લિક ઈશ્યુમાં સામાન્ય નાગરિકો અંદાજે રૂ. 10,000 ના ગુણાંકમાં રોકાણ કરી શકશે. સરકારી સંસ્થા હોવાથી આ રોકાણ અત્યંત સલામત માનવામાં આવે છે અને રોકાણકારોને દર છ મહિને નિશ્ચિત દરે વ્યાજ ચૂકવવામાં આવશે. ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારીએ સમજાવ્યું કે બેંક પાસેથી લોન લેવા માટે બમણી સિક્યુરિટી આપવી પડે છે, જ્યારે બોન્ડમાં વ્યાજ દર ઓછો હોય છે અને પ્રક્રિયા વધુ પારદર્શક હોય છે. ભારત સરકાર પણ મ્યુનિસિપલ બોન્ડને પ્રોત્સાહન આપવા માટે ઇન્સેન્ટિવ આપે છે. અગાઉના બોન્ડમાં પાલિકાને રૂ. 13 કરોડનું ઇન્સેન્ટિવ મળતા વ્યાજ ખર્ચમાં સીધો 2 ટકાનો ઘટાડો થયો હતો. વડોદરા પાલિકાએ એવી નાણાકીય શિસ્ત જાળવી છે કે વ્યાજ અને મુદ્દલની રકમ અલગથી ફિક્સ ડિપોઝિટમાં મૂકવામાં આવે છે, જેથી પાંચ વર્ષના અંતે વ્યાજનો બોજ માત્ર 2 થી 2.5 ટકા જેટલો જ રહે છે. વડોદરા પાલિકા એશિયાની પ્રથમ એવી સંસ્થા છે જેને તેના 'ગ્રીન બોન્ડ' પ્રોજેક્ટ્સ (જેમ કે ઉંડેરા અને શેરખી STP) માટે આંતરરાષ્ટ્રીય ઓડિટરો દ્વારા માન્ય ઇન્ટરનેશનલ સર્ટિફિકેટ મળ્યું છે. આ વિશ્વસનીયતાને કારણે જ 1 માર્ચ, 2024ના રોજ વડોદરાનો બોન્ડ ઈશ્યુ ભારતના ઈતિહાસમાં સૌથી વધુ 14.6 ગણો ઓવર-સબસ્ક્રાઈબ થયો હતો અને રૂ. 1460 કરોડની બિડ મળી હતી. સ્ટેન્ડિંગ સમિતિની મંજૂરી બાદ હવે મ્યુનિસિપલ કમિશનર બ્લ્યુ બોન્ડની પ્રક્રિયા આગળ વધારશે. આ બોન્ડ દ્વારા એકત્રિત ભંડોળ શહેરના રસ્તાઓ, પાણીના પ્રોજેક્ટ્સ અને ગટર સુવિધાઓ જેવા મોટા માળખાકીય કામોમાં વાપરવામાં આવશે. આ પહેલથી વડોદરાની નાણાકીય સ્વતંત્રતા વધશે અને શહેરના વિકાસ કાર્યોમાં ગતિ આવશે.



**વડોદરા મહાનગરપાલિકા હવે શહેરના પાણીના પ્રશ્નોના ઉકેલ માટે રૂ. 200 કરોડના 'બ્લ્યુ બોન્ડ' લાવવાની તૈયારી કરી રહી છે. અગાઉ ગ્રીન બોન્ડની સફળતા બાદ, આ પબ્લિક ઈશ્યુમાં પ્રથમવાર સામાન્ય નાગરિકો પણ ભાગ લઈ શકશે. નાના રોકાણકારો રૂ. 10,000થી રોકાણ કરી ફિક્સ વ્યાજ મેળવી શકશે. સ્ટેન્ડિંગ સમિતિએ એજન્સીની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. બેંક લોન કરતા સસ્તું ધિરાણ અને રોકાણકારો માટે સલામત વળતર એ આ બોન્ડની વિશેષતા છે. એશિયામાં પ્રથમવાર ગ્રીન બોન્ડનું ઇન્ટરનેશનલ સર્ટિફિકેટ મેળવનાર વડોદરા પાલિકા માટે આ નવું સોપાન હશે.**

# વડોદરા ગરબા PIL: હાઈકોર્ટે અરજદારને ખખડાવ્યા, અરજી ફગાવી

## હાઈકોર્ટની લાલ આંખ: વડોદરા ગરબા ગ્રાઉન્ડની PIL રદ




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ગરબા ગ્રાઉન્ડ ફાળવણીના નામે સસ્તી પ્રસિદ્ધિ મેળવવાના મનસૂબા સાથે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચેલા અરજદારને ન્યાયતંત્રએ અરીસો બતાવ્યો છે. રાહુલ વ્યાસ નામના અરજદારે પાર્ટી-ઈન-પર્સન તરીકે કરેલી PILમાં એવો આક્ષેપ કર્યો હતો કે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ચોક્કસ આયોજકોને અકોટા જેવા પ્રીમિયમ ગ્રાઉન્ડ માત્ર 1 રૂપિયાના ભાડે આપી દેવાય છે, જેનાથી તિજોરીને કરોડોનું નુકસાન થાય છે. જોકે, હાઈકોર્ટે આ અરજીને માત્ર પાયાવિહોણી જ નહીં પણ કોર્ટનો સમય બગાડવાનો પ્રયાસ ગણાવીને ફગાવી દીધી છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આશ્ચર્ય વ્યક્ત કરતા પૂછ્યું હતું કે, "અત્યારે ફેબ્રુઆરી મહિનો ચાલે છે, અત્યારથી ગરબાના મુદ્દા કેમ?" કોર્ટે સ્પષ્ટ કર્યું કે ન્યાયતંત્ર કાયદાના ચોકઠામાં રહીને કામ કરે છે અને તે રાજકીય એજન્ડા કે અંગત નિવેદનો આપવાનું પ્લેટફોર્મ નથી. અરજદારની 500 કરોડના નુકસાનની થીયરીને નકારતા કોર્ટે કહ્યું કે આયોજકો આયોજન પાછળ મોટો ખર્ચ કરે છે, માટે તેઓ ખેલૈયાઓ પાસેથી ફી વસૂલે તેમાં કંઈ ખોટું નથી. ગરબા ગુજરાતની ઓળખ છે અને વડોદરા પાલિકા તેને પ્રોત્સાહન આપે છે. VMC કોઈ નફો કમાતી કંપની નથી પણ સેવાકીય સંસ્થા છે. જ્યારે VMC ના વકીલે ધ્યાન દોર્યું કે અરજદાર સોશિયલ મીડિયા પર સક્રિય રહીને આ મુદ્દે અગાઉ પણ વિવાદો ઉભા કરી ચૂક્યા છે, ત્યારે કોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે, "તમે સોશિયલ મીડિયામાં જે કરવું હોય તે કરો, પણ કોર્ટને રમતનું મેદાન ન બનાવો." હાઈકોર્ટે ચેતવણી આપી હતી કે કોઈ પણ વ્યક્તિ પાર્ટી-ઈન-પર્સન તરીકે બીજાની રજૂઆત કરી શકે નહીં કે અંગત રાગ દ્વેષ કોર્ટમાં ઠાલવી શકે નહીં. કોર્ટે આખરે અરજી રદ કરતા અરજદારને ગંભીરતાથી તાકીદ કરી હતી કે, જો બીજી વખત આવી કોઈ પાયાવિહોણી અને અપૂરતી વિગતોવાળી અરજી કરવામાં આવશે, તો ન્યાયતંત્ર તેનો કિંમતી સમય બગાડવા બદલ અરજદાર પર ભારે આર્થિક દંડ લાદશે. આ ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે પબ્લિસિટીના હેતુથી કરાતી PIL સામે હવે કોર્ટ લાલ આંખ કરી રહી છે.

**ગુજરાત હાઈકોર્ટે વડોદરાના રાહુલ વ્યાસની ગરબા ગ્રાઉન્ડ ફાળવણી અંગેની PILને સખત શબ્દોમાં નકારી કાઢી છે. પાલિકાને 500 કરોડનું નુકસાન થતું હોવાનો દાવો કરનાર અરજદારને કોર્ટે સ્પષ્ટ કહ્યું કે ન્યાયતંત્ર રાજકીય નિવેદનોનું મંચ નથી. ફેબ્રુઆરીમાં ગરબાનો મુદ્દો ઉઠાવવા બદલ આશ્ચર્ય વ્યક્ત કરી કોર્ટે જણાવ્યું કે VMC નફો કરવા માટે નથી. સોશિયલ મીડિયાના જોરે કોર્ટમાં લડવા આવેલા અરજદારને કોર્ટે તાકીદ કરી કે બીજી વાર આવી હરકત કરી તો ભારે દંડ ભોગવવો પડશે.**

# ભાદરવાની જી. આર. ભગત હાઈસ્કૂલમાં પ્રથમ ભવ્ય વાર્ષિકોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાદરવા સ્થિત જી. આર. ભગત હાઈસ્કૂલ ખાતે આજે ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો હતો. શ્રી ભાદરવા કેળવણી મંડળ સંચાલિત આ સંસ્થાના ઇતિહાસમાં પ્રથમવાર વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસ શાળા માટે ઐતિહાસિક સાબિત થયો છે કારણ કે પ્રથમવાર વિદ્યાર્થીઓને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે આટલું મોટું મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા પોતાની છુપાયેલી કલાને સૌની સામે મૂકી હતી. શાળા પ્રશાસને જણાવ્યું હતું કે અમારો ઉદ્દેશ્ય બાળકોમાં સદાચાર, શિસ્ત અને નૈતિક મૂલ્યોનું સિંચન કરવાનો છે, જે આજના કાર્યક્રમમાં સ્પષ્ટ દેખાયું હતું. શિક્ષકો અને વિદ્યાર્થીઓની રાત-દિવસની મહેનતને કારણે આ કાર્યક્રમ અત્યંત પ્રભાવશાળી રહ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. શાળાના વિકાસ અને કાર્યક્રમના ખર્ચ માટે ઉદાર હાથે ફાળો આપનાર તમામ દાતાશ્રીઓનો સંસ્થાએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. પૂર્વ પ્રાથમિકથી હાઈસ્કૂલ સુધીના તમામ સ્ટાફ મિત્રોના સંયુક્ત પ્રયાસોથી આ ઐતિહાસિક વાર્ષિકોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો છે. આ આયોજનથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓને વધુ પ્રગતિ કરવાની નવી પ્રેરણા મળી છે.



રિપોર્ટ : સુરેન્દ્રસિંહ ડી ચૌહાણ

# બોટાદ: શહેરી બસ સેવા અંતર્ગત 8 નવી બસોનું લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ શહેરમાં પરિવહન ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતા આજે 8 નવી સિટી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું. મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના હેઠળ શરૂ થયેલી આ સેવાનું સંચાલન રઘુવીર ટ્રાવેલ્સના હકુભાઈ ખાચર દ્વારા કરવામાં આવશે. આ નવી બસોને કારણે બોટાદના નાગરિકોને હવે સુવિધાજનક અને સુરક્ષિત મુસાફરી ઉપલબ્ધ થશે. ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો અને વિદ્યાર્થીઓ માટે આ સેવા આશીર્વાદરૂપ સાબિત થશે.

લોકાર્પણ કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહામંત્રી બાબુભાઈ જેબલીયા, જિલ્લા ભાજપ મહામંત્રી વનરાજસિંહ ડાભી, પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન જોટાણીયા સહિતના મહાનુભાવોએ હાજરી આપી બસ સેવાને ખુલ્લી મૂકી હતી. અગ્રણીઓએ જણાવ્યું હતું કે આ પહેલ શહેરના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે. ધાર્મિક પરંપરા મુજબ, લોકાર્પણ બાદ તમામ બસોને સારંગપુર હનુમાનજી મંદિર લઈ જવામાં આવી હતી. ત્યાં કોઠારી સ્વામી વિવેકસાગરદાસજી દ્વારા શાસ્ત્રોક્ત રીતે પૂજાવિધિ કરવામાં આવી હતી. આ સાથે BAPS મંદિરના સ્વામીઓએ પણ પ્રસાદીરૂપ ચાંદલા કરી બસોનું પૂજન કર્યું હતું. આ નવી બસ સેવા શરૂ થવાથી બોટાદવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

**અહેવાલ કનુભાઈ ખાચર**





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# સરસપુર હિન્દી શાળામાં પુણ્યતિથિ નિમિત્તે શૈક્ષણિક કીટ વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવેલી હિન્દી શાળા ૧/૨ ખાતે આજે એક ભાવપૂર્ણ અને પ્રોત્સાહક કાર્યક્રમ સંપન્ન થયો હતો. શાળાના નિવૃત્ત શિક્ષિકા સ્વર્ગીય તનેજા મેડમની પુણ્યતિથિના પાવન અવસરે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષિકાનો વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ તેમની વિદાય બાદ પણ આ સેવાકાર્ય દ્વારા જીવંત જોવા મળ્યો હતો.

શાળાના કુલ ૪૧૫ વિદ્યાર્થીઓ પૈકી હાજર રહેલા ૩૬૭ બાળકોને ભણતરમાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ જેવી કે પેન, રબર, ફૂટપટ્ટી, કલર બોક્સ, ચોપડા અને પાઉચ ધરાવતી શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. આ કીટ મેળવીને બાળકોના ચહેરા પર સ્મિત રેલાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોને શિક્ષણ પ્રત્યે વધુ રુચિ જાગે અને તેમને જરૂરી સાધનો મળી રહે તેવો હતો.

બીજી તરફ, શાળા અત્યારે પોતાનો શતાબ્દી મહોત્સવ ઉજવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે શાળામાં 'બેગલેશ ડે' (દફતર વગરનો દિવસ) રાખવામાં આવ્યો હતો. આ વિશેષ દિવસે શાળાના ૧૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તેમની શ્રેષ્ઠતા માટે પુરસ્કૃત કરાયા હતા. જે વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ આવે છે અને સ્વચ્છતા જાળવે છે, તેમને ખાસ પ્રમાણપત્રો આપી બિરદાવવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય અને સ્ટાફ દ્વારા સ્વ. તનેજા મેડમના પરિવારનો આ સેવાકાર્ય બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# ગટરની ચેમ્બરમાં ઉતરેલા બે કર્મચારીઓના કરુણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા નજીક આવેલી અણખોલ સીમમાં ગટર લાઈનની તપાસ દરમિયાન સર્જાયેલી દુર્ઘટનામાં પ્રોજેક્ટ મેનેજર અને લાઈનમેનના મોત નીપજ્યા છે. અમદાવાદના નિકોલના રહેવાસી ૪૫ વર્ષીય વિપુલભાઈ માંગરોલીયા પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. શુક્રવારે ગટર લાઈન ચોકઅપ હોવાથી તપાસ કરવા માટે અક્ષય ભાભોર નામનો લાઈનમેન ચેમ્બરમાં ઉતર્યો હતો. અક્ષય બેભાન થતાં તેને બચાવવા માટે વિપુલભાઈ પણ નીચે ઉતર્યા, પરંતુ ઝેરી ગેસને કારણે બંને ગૂંગળાઈ ગયા હતા. અન્ય કર્મચારીઓ જ્યારે જમવા માટે તેમને શોધવા નીકળ્યા ત્યારે બંને ચેમ્બરમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા. વિપુલભાઈનું વજન ૯૦ કિલોથી વધુ હોવાથી તેમને બહાર કાઢવામાં બે કલાક જેટલો સમય લાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વુડાએ ૧૫.૪૦ કરોડના ખર્ચે જેન્તી સુપર કન્સ્ટ્રક્શનને આ કામ ૪ વર્ષ પહેલા સોંપ્યું હતું, જે હજુ સુધી પૂર્ણ થયું નથી. તંત્રની બેદરકારી અને કામની ધીમી ગતિ વચ્ચે બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે.

**વડોદરા નજીક અણખોલ સીમમાં ગટર લાઈન તપાસવા ઉતરેલા લાઈનમેન અક્ષય ભાભોર અને તેને બચાવવા ઉતરેલા પ્રોજેક્ટ મેનેજર વિપુલ માંગરોલીયાનું ગૂંગળામણથી કરુણ મોત નીપજ્યું છે. વુડાના ચાર વર્ષથી ચાલતા અધૂરા પ્રોજેક્ટ દરમિયાન આ ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી.**

# સોનાસણ: પ્રાથમિક શાળાના બાળકો માટે ભવ્ય આનંદ મેળો યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના સોનાસણ ખાતે આવેલી પ્રાથમિક શાળામાં ૧૪ ફેબ્રુઆરીના રોજ એક વિશેષ 'આનંદ મેળો' યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ખીલી ઉઠી હતી. શાળાના પટાંગણમાં યોજાયેલા આ મેળામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆત ગામના અગ્રણી દાહ્યાભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. તેમણે બાળકોને પ્રોત્સાહન પૂરું પાડતા જણાવ્યું હતું કે આ પ્રકારના આયોજનથી બાળકોમાં વેપારી કૌશલ્ય અને ટીમવર્કની ભાવના વિકસે છે. મેળામાં વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ્સ ગોઠવવામાં આવ્યા હતા, જેની મુલાકાત શાળાના એસ.એમ.સી. (SMC) ના સભ્યો, વાલીઓ અને ગામના અગ્રણીઓએ લીધી હતી. બાળકોએ જાતે બનાવેલી વાનગીઓ પીરસીને સૌના મન જીતી લીધા હતા. આ પ્રસંગે શાળાના શિક્ષકો અને SMC સભ્યોએ વ્યવસ્થા જાળવવામાં મહત્વનો સહયોગ આપ્યો હતો. કાર્યક્રમને વધુ યાદગાર બનાવવા માટે ગામના યુવક મંડળ અને નિવૃત્ત બહેનો આગળ આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓની મહેનતની કદરરૂપે ઇનામો આપ્યા હતા, જેનાથી બાળકોમાં પ્રોત્સાહન અને નવી પ્રેરણાનો સંચાર થયો હતો. આખું ગામ આ કાર્યક્રમમાં જોડાયું હોવાથી શાળાનું વાતાવરણ ઉત્સવ જેવું બની ગયું હતું. આ રીતે, સોનાસણ પ્રાથમિક શાળાનો આનંદ મેળો મનોરંજનની સાથે શિક્ષણનું ઉત્તમ માધ્યમ બનીને સફળતાપૂર્વક પૂર્ણ થયો.



રિપોર્ટ : સોમજી ચૌહાણ

**સોનાસણ પ્રાથમિક શાળામાં ૧૪ ફેબ્રુઆરીએ આનંદ મેળો યોજાયો. વિવિધ ફૂડ સ્ટોલ્સ અને ઇનામ વિતરણ સાથે બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો.**

# BCA ચૂંટણી પૂર્વે ઈરફાન પઠાણે સિલેક્ટરોની પસંદગી સામે સવાલો ઉઠાવ્યા

## BCA ચૂંટણી જંગ: ઈરફાન પઠાણના નિવેદનથી ખળભળાટ

**દૈનિક પલ્સ સમાચાર:** બરોડા ક્રિકેટ એસોસિયેશન (BCA) ના ઈતિહાસમાં રવિવારે યોજાનારી ચૂંટણી અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. રવિવારે મતદાન યોજાય તે પૂર્વે જ ટીમ ઈન્ડિયાના પૂર્વ સ્ટાર પ્લેયર ઈરફાન પઠાણે ચૂંટણી મેદાનમાં ઝંપલાવીને જંગને ત્રિપાંખિયો અને વધુ રસપ્રદ બનાવી દીધો છે. ઈરફાન પઠાણે એસોસિયેશનની વર્તમાન સ્થિતિ અને કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવતા ક્રિકેટ પોલિટિક્સમાં ભારે ઉકળાટ જોવા મળી રહ્યો છે. ઈરફાન પઠાણે ભાવુક થતા જણાવ્યું કે, “બરોડા ક્રિકેટના કારણે જ મને આજે આ માન-સન્માન મળ્યા છે, પરંતુ આજે જ્યારે હું BCA ના સ્તરને નીચે જતું જોઉં છું ત્યારે દુઃખ થાય છે.” તેમણે આક્ષેપ કર્યો કે BCA માં હાલમાં એવું વાતાવરણ ઉભું થયું છે જ્યાં અનુભવ કરતા પ્રભાવને વધુ મહત્વ અપાય છે. તેમણે જમ્મુ-કાશ્મીર ક્રિકેટ ટીમને આપેલા કોચિંગના સફળ ઉદાહરણો આપી જણાવ્યું કે ત્યાં આજે ખેલાડીઓ IPL સુધી પહોંચે છે કારણ કે ત્યાં સિલેક્શન પ્રક્રિયા સ્વતંત્ર છે.

ઈરફાન પઠાણે કહ્યું કે વડોદરાના લાયક કોચ આજે અફઘાનિસ્તાન જેવી આંતરરાષ્ટ્રીય ટીમોને તાલીમ આપી રહ્યા છે, પરંતુ વડોદરામાં તેમને કોઈ સ્થાન મળતું નથી. સિલેક્ટરની પસંદગી પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે જે ખેલાડી માત્ર ૬-૭ રણજી મેચ રમ્યો હોય તેને જો કમિટીના હોદ્દા આપવામાં આવે તો તે સ્વતંત્ર રીતે વિચારી શકતો નથી. ‘હા માં હા’ કહેવાની આ પ્રથાએ બરોડા ક્રિકેટની ટીમને પતન તરફ ધકેલી છે. આ ચૂંટણીમાં એક તરફ પૂર્વ વિકેટકીપર કિરણ મોરે અને પ્રણવ અમીનનું ‘રિવાઈવલ ગ્રુપ’ છે, તો બીજી તરફ મહારાજા સત્યજિતસિંહ ગાયકવાડનું ‘રોયલ ગ્રુપ’ અને દર્શન બેંકરનું ‘સત્યમેવ જયતે ગ્રુપ’ એકસાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. ઈરફાન પઠાણનું આ નિવેદન રોયલ-સત્યમેવ જયતે ગ્રુપ દ્વારા ફેલાવવામાં આવતા ચૂંટણીમાં ગરમાવો આવ્યો છે. ઈરફાને અંતમાં મતદારોને વિનંતી કરી છે કે તેઓ કોઈના દબાણમાં આવ્યા વગર બરોડા ક્રિકેટના ઉજ્જવળ ભવિષ્ય માટે સમજદારીથી મતદાન કરે.




**વડોદરામાં BCA ની ચૂંટણી પહેલા ક્રિકેટ પોલિટિક્સ ગરમાયું છે. પૂર્વ ઓલઆઉન્ડર ઈરફાન પઠાણે એક વીડિયો સંદેશ દ્વારા વર્તમાન સત્તાધિશ કિરણ મોરે અને પ્રણવ અમીન સામે સવાલો ઉઠાવ્યા છે. ઈરફાને આક્ષેપ કર્યો છે કે એસોસિયેશનમાં અનુભવી ખેલાડીઓને બદલે પ્રભાવ હેઠળ કામ કરનારાઓને મહત્વ અપાય છે. તેમણે ચિંતા વ્યક્ત કરી કે વડોદરાના કોચ અફઘાનિસ્તાન જઈને નામ કમાય છે પણ અહીં તેમને સન્માન મળતું નથી. ઈરફાને મતદારોને રવિવારે સૂઝબૂઝથી મતદાન કરવા અપીલ કરી છે, જેનાથી ચૂંટણીનો જંગ વધુ રસપ્રદ બન્યો છે.**

# વડાલીમાં GRD ભરતી: 407 ઉમેદવારોએ શારીરિક કસોટીમાં ભાગ લીધો

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી તાલુકામાં ગ્રામ રક્ષક દળ (GRD) ની નવી ભરતી માટેની શારીરિક કસોટી યોજાઈ હતી, જેમાં તાલુકાના વિવિધ ગામડાઓમાંથી 407 ઉમેદવારોએ ભાગ લીધો હતો. ગ્રામ્ય સ્તરે સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને પોલીસને મદદરૂપ થવા માટે આ ભરતીનું આયોજન પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

શારીરિક કસોટી માટે ઇડર-વડાલી હાઈવે પર વિજયનગર ત્રણ રસ્તા પાસે વ્યવસ્થા કરવામાં આવી હતી. વડાલી પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી. આર. પઢેરિયાની હાજરીમાં સમગ્ર પ્રક્રિયા અત્યંત પારદર્શક રીતે હાથ ધરાઈ હતી. ભરતીના નિયમો મુજબ, પુરુષ ઉમેદવારો માટે 1600 મીટર અને મહિલા ઉમેદવારો માટે 800 મીટરની દોડ યોજવામાં આવી હતી. જે ઉમેદવારોએ નિયત સમયમાં દોડ પૂર્ણ કરી હતી, તેમની ઊંચાઈ, વજન અને છાતીના માપની ચોકસાઈપૂર્વક ચકાસણી કરવામાં આવી હતી. પી.આઈ. પઢેરિયાએ ઉમેદવારોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, ગ્રામ્ય સુરક્ષામાં યુવાનોનું યોગદાન મહત્વનું છે. યુવક-યુવતીઓએ ભારે ઉત્સાહ સાથે આ કસોટી આપી હતી. શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોના આધારે હવે મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે અને પસંદગી પામેલા ઉમેદવારોની યાદી ટૂંક સમયમાં પોલીસ વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. આ ભરતી પ્રક્રિયાથી સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકોનું સર્જન થયું છે.







# ભાટપુરા: સિકોતર માતાજીના મંદિરે ભવ્ય પાટોત્સવ અને હવન


**દૈનિક પલ્સ સમાચાર:** ડેસર તાલુકાના ભાટપુરા ગામમાં આજે ભક્તિ અને આસ્થાના પર્વ સમાન સિકોતર માતાજીના મંદિરનો પાટોત્સવ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. છેલ્લા 5 વર્ષથી પ્રતિષ્ઠા દિવસની ઉજવણી કરવાની પરંપરા ગ્રામજનોએ જાળવી રાખી છે, જેને પગલે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.

પાટોત્સવના પાવન અવસરે મંદિર પરિસરને ફૂલોની કલાત્મક સજાવટથી દીપાવી દેવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનો પ્રવાહ માતાજીના દર્શનાર્થે શરૂ થયો હતો. વિશેષ આરતી બાદ માતાજીને વિવિધ પકવાન અને વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. દર્શને આવેલા ભાવિકોએ આરતીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બપોરના સમયે સમગ્ર ગામ અને પંથકમાંથી આવેલા મહેમાનો માટે મહાપ્રસાદીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પાટોત્સવના ભાગરૂપે સાંજના સમયે હવનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આહુતિ આપી વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરવામાં આવશે. ત્યારબાદ રાત્રિના સમયે ભવ્ય ભજન સંધ્યા યોજાશે, જેમાં પ્રખ્યાત સિંગર સતીશ ભોઈરાજ ઉપસ્થિત રહી ભક્તિ સંગીતની રમઝટ બોલાવશે. ભુવાજી સુખદેવજી પરમારના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ કાર્યક્રમનું અત્યંત શિસ્તબદ્ધ આયોજન કરવામાં આવ્યું હતું.

ભાટપુરાનું સિકોતર માતાજીનું મંદિર પંથકના લોકો માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે. અહીં માનતા રાખવાથી ભક્તોના દુઃખ દૂર થાય છે અને મનોકામના પૂર્ણ થાય છે તેવી અતૂટ શ્રદ્ધા ભક્તો ધરાવે છે. આ પાટોત્સવ માત્ર એક ધાર્મિક વિધિ નહીં પરંતુ ગ્રામીણ એકતાનું પણ પ્રતીક બન્યો હતો. હજારોની સંખ્યામાં ભક્તોએ દર્શન અને મહાપ્રસાદીનો લાભ લઈ માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.




# ભંડવાલ: પી આર પટેલ હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ભંડવાલ નગર ખાતે આજે શ્રી પી આર પટેલ હાઇસ્કુલ અને સ્થાનિક પ્રાથમિક શાળાના સંયુક્ત આયોજન હેઠળ એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ધોરણ 10 અને 12 ના બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવાનો અને તેજસ્વી વિદ્યાર્થીઓને બહુમાન કરવાનો હતો. પૂજ્ય મંગલ પૂરી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં આશીર્વચન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ ડી. આર. પઢેરીયા સાહેબે વિદ્યાર્થીઓને શિસ્ત અને પરીક્ષામાં એકાગ્રતા જાળવવા અંગે સંબોધન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને દાતાઓના સહયોગથી પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા હતા. મહેમાનોમાં કમલેશભાઈ પ્રવીણભાઈ પટેલ, ભરતભાઈ પટેલ અને રાહુલભાઈ જોષી સહિત ગામના સરપંચ અને મંડળના સભ્યોએ હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષાના ટેન્શન વગર પ્રશ્નપત્રો લખવા માટેનું વિશેષ માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. આચાર્યશ્રી દીપકભાઈ અને કમલેશભાઈએ કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી હતી. આ વિદાય અને શુભેચ્છા સમારોહમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.




**વડાલીના ભંડવાલમાં શ્રી પી આર પટેલ હાઇસ્કુલ અને પ્રાથમિક શાળા દ્વારા ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ તેમજ ઈનામ વિતરણ યોજાયું. પૂજ્ય મંગલ પૂરી મહારાજ અને મહેમાનોની ઉપસ્થિતિમાં બોર્ડના પરીક્ષાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરાયા હતા.**

# વડાલી: બી જી શાસ્ત્રી હાઇસ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી ખાતે આવેલી શ્રી બી. જી. શાસ્ત્રી હાઈસ્કૂલમાં બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે ભવ્ય શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને સંત શ્રી મણીરામ મહારાજ બિરાજમાન થયા હતા, જ્યારે મુખ્ય મહેમાન તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી હસમુખભાઈ ડી. પાટીલ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને વાતાવરણ ભક્તિમય અને ઉત્સાહવર્ધક બનાવ્યું હતું. આચાર્ય ડો. હસમુખભાઈ પટેલે તમામ મહેમાનોનું હાર્દિક સ્વાગત કરતા પરીક્ષાલક્ષી મહત્વની સૂચનાઓ આપી હતી. મહેમાનોએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષા એ જીવનનો એક પડાવ છે, તેથી કોઈએ પણ ડર રાખવાની જરૂર નથી. વિદ્યાર્થીઓને શાંતિપૂર્વક અને આયોજનબદ્ધ રીતે પરીક્ષા આપવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપન બાદ સૌએ સાથે મળીને ભોજન લીધું હતું અને વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ સાથે વિદાય આપી હતી.




**સાબરકાંઠાના વડાલીમાં શ્રી બી. જી. શાસ્ત્રી હાઈસ્કૂલ ખાતે ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. સંત મણીરામ મહારાજ અને શિક્ષણ અધિકારી હસમુખભાઈ પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે માર્ગદર્શન અને આશીર્વાદ આપવામાં આવ્યા હતા.**

# રાજકોટમાં પશ્ચિમી સંસ્કૃતિના બદલે ગૌ માતાના સાનિધ્યમાં ઉજવાયો પ્રેમપર્વ

## રાજકોટમાં વેલેન્ટાઈન ડેને બદલે 'કાઉ હગ ડે'ની અનોખી ઉજવણી



**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં આજે વેલેન્ટાઈન ડેના દિવસે પશ્ચિમી સંસ્કૃતિના પ્રવાહ સામે ભારતીય સંસ્કૃતિના તેજસ્વી મૂલ્યોની ઉજવણી જોવા મળી હતી. શહેરની પ્રતિષ્ઠિત કિસાન ગૌશાળા દ્વારા આજના દિવસે 'કાઉ હગ ડે' (Cow Hug Day) નું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ગૌ પ્રેમીઓએ ગૌ માતાના સાનિધ્યમાં પ્રેમ અને કરુણાના પર્વને અનોખી રીતે માણ્યો હતો.

રાજકોટની કિસાન ગૌશાળા છેલ્લા 25 વર્ષથી નિરંતર ગૌ સેવા કરી રહી છે. હાલ આ ગૌશાળામાં 1800 થી વધુ ગાયોનો અત્યંત પ્રેમપૂર્વક નિભાવ કરવામાં આવે છે. ગૌશાળાના પ્રમુખ ચંદ્રેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, "આજે જ્યારે વિશ્વ વેલેન્ટાઈન ડે ઉજવી રહ્યું છે, ત્યારે અમે ભારતીય સંસ્કૃતિના મુખ્ય આધાર એવી ગૌ માતા સાથે જોડાવા માટે 'કાઉ હગ ડે' ઉજવ્યો છે. ગાય એ આપણો પ્રાણ છે અને તેની સેવા એ જ સાચો ધર્મ છે."

વિદેશી ટ્રેન્ડ અને ભારતીય વારસો: ચંદ્રેશ પટેલે એક મહત્વની વિગત આપતા કહ્યું કે, નેધરલેન્ડ અને અમેરિકા જેવા દેશોમાં 'કાઉ હગિંગ' એક થેરાપી તરીકે વિકસી રહી છે. ત્યાં ગાયને ભેટીને માનસિક શાંતિ મેળવવા માટે લોકો 25 થી 50 હજાર રૂપિયા સુધીનો ખર્ચ કરે છે. આપણે નસીબદાર છીએ કે ભારતમાં ગૌ માતા ગલીએ-ગલીએ અને ઘરે-ઘરે જોવા મળે છે. આજે બપોર સુધીમાં અંદાજે 250 થી વધુ નગરજનોએ ગૌશાળાની મુલાકાત લીધી હતી. ગૌ પ્રેમીઓએ ગાયોને વહાલથી ભેટી, તેમને ગોળ ખવડાવ્યો અને વિધિવત રીતે પૂજન-આરતી કરી ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે ગાયના મહત્વ પર પ્રકાશ પાડતા ચંદ્રેશ પટેલે જણાવ્યું કે, પૃથ્વી પરના અસંખ્ય રોગોનો નાશ કરવાની ક્ષમતા ગૌમૂત્રમાં રહેલી છે. ગૌ આધારિત ખેતી દ્વારા પકવવામાં આવતું અનાજ સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ છે અને જમીનની ફળદ્રુપતા માટે ગાયનું છાણ અનિવાર્ય છે. તેમણે નાગરિકોને અપીલ કરી હતી કે ગૌ માતાને માત્ર પશુ ન ગણતા તેને બચાવવા માટે પ્રયત્નશીલ બને અને ગાયના દૂધ તેમજ ગૌ-ઉત્પાદનોનો આગ્રહ રાખે. રાજકોટની કિસાન ગૌશાળાના આ આયોજને સાબિત કર્યું છે કે પ્રેમની અભિવ્યક્તિ માત્ર પશ્ચિમી રીતે જ નહીં, પરંતુ મૂંગા પશુઓ અને આપણી પૂજનીય ગૌ માતા પ્રત્યે આદર દાખવીને પણ કરી શકાય છે. આ અનોખી ઉજવણી સોશિયલ મીડિયા પર પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

**વડોદરાની કોસ્મોસ બેંકમાં ગ્રાહકોની મૂડી રામ ભરોસે છે. વાઘોડિયા રોડ પરની આ બેંકના લોકરમાંથી ૩૫ તોલા સોનું રહસ્યમય રીતે ગાયબ થઈ ગયું છે. દીકરીના લગ્ન પ્રસંગે જ પરિવાર પાયમાલ થયો છે, જ્યારે બેંક સત્તાધીશો મૌન સેવી રહ્યા છે.**


# ધોળકાની શક્તિ સોસાયટીમાં બંધ મકાનમાંથી લાખોની મત્તાની થઈ ચોરી

**દૈનિક પલ્સ સમાચાર:** ધોળકાની શક્તિ સોસાયટીમાં તસ્કરોએ તરખાટ મચાવી લાખોની ચોરીને અંજામ આપ્યો છે. જયંતીભાઈ મનજીભાઈ મિસ્ત્રીના મકાનમાં બનેલી આ ઘટનામાં કુલ ૧,૨૯,૮૦૦ રૂપિયાની મત્તા ચોરાઈ છે. જયંતીભાઈનો પરિવાર ૧૨ ફેબ્રુઆરીએ તેમના ભાણા નિલેશકુમારના પુત્રના લગ્ન પ્રસંગે પાલીતાણા ગયો હતો. આ દરમિયાન ઘર બંધ હોવાથી ચોરોએ મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

રાત્રે લગ્ન પ્રસંગ પતાવીને પરિવાર પરત ફર્યો ત્યારે ચોરીની જાણ થઈ હતી. ઘરના હોલ અને બેડરૂમમાં બધો જ સામાન વેરવિખેર પડ્યો હતો. ઉપરના માળે પૂજાના રૂમમાં રહેલી તિજોરી તોડીને તસ્કરોએ ૨૫,૦૦૦ રૂપિયાની રોકડ અને ચાંદીના ૨૦ સિક્કાઓ પર હાથ સાફ કર્યો હતો. ચોરાયેલા ૪૦૦ ગ્રામ ચાંદીના સિક્કાની બજાર કિંમત ૧,૦૪,૮૦૦ રૂપિયા જેટલી થાય છે.

પરિવાર દ્વારા તાત્કાલિક ધોળકા ટાઉન પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે અને અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. લગ્ન પ્રસંગના ઉમંગ વચ્ચે ચોરીની આ ઘટનાથી મિસ્ત્રી પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

**ધોળકાની શક્તિ સોસાયટીમાં જયંતીભાઈ મિસ્ત્રીના બંધ મકાનમાંથી ૧.૨૯ લાખની ચોરી થઈ છે. પરિવાર લગ્ન પ્રસંગે પાલીતાણા ગયો હતો ત્યારે અજાણ્યા તસ્કરોએ તિજોરી તોડી ૨૫,૦૦૦ રોકડા અને ૧,૦૪,૮૦૦ની કિંમતના ચાંદીના સિક્કા ચોરી લીધા હતા. ધોળકા પોલીસે તપાસ શરૂ કરી છે.**







## મોરબીમાં કેનેડા PR ધરાવતા પતિએ પત્નીને ઢોર માર માર્યો

મોરબીમાં રહેતા અને કેનેડાના PR ધરાવતા યુવક દ્વારા પત્નીને દીકરાની લાલચમાં શારીરિક અને માનસિક ત્રાસ આપવાની આઘાતજનક ઘટના સામે આવી છે. ગોંડલ પંથકની મહિલાના લગ્ન 2010માં મોરબીના હર્ષદ કડીવાર સાથે થયા હતા. પ્રથમ સંતાનમાં દીકરીના જન્મ બાદ સાસરિયાંઓ દ્વારા કરિયાવર અને ઘરકામ બાબતે મેણા-ટોણા મારી ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. મહિલાનો આરોપ છે કે દીકરાની ખેવનામાં પતિએ 2018માં જબરદસ્તીથી તેનું ગર્ભપરીક્ષણ કરાવ્યું હતું અને બે વખત બળજબરીપૂર્વક ગર્ભપાત પણ કરાવ્યો હતો. વર્ષ 2025માં IVF પ્રક્રિયા માટે થાઈલેન્ડ લઈ જઈ ત્યાં પણ તેની સાથે ગંભીર મારપીટ કરવામાં આવી હતી. આખરે સાસરિયાંઓના અસહ્ય ત્રાસથી કંટાળીને મહિલાએ માવતરે પહોંચી પતિ હર્ષદ, સાસુ ચંપાબેન અને જેઠ જિજ્ઞેશ કડીવાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ભોગ બનનાર મહિલાએ ગેરકાયદે ગર્ભપાત કરી આપતા તબીબો સામે પણ કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

## રાજકોટ: અશાંતધારાની ગૂંચવણ સામે બાર એસો.નું આંદોલન

રાજકોટ શહેરમાં અશાંતધારાના કાયદા હેઠળની અરજીઓના નિકાલમાં થઈ રહેલા વિલંબને કારણે મિલકત બજારમાં મોટો અવરોધ ઉભો થયો છે. રાજકોટ રેવેન્યુ બાર એસોસિએશન દ્વારા કલેક્ટરને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, પ્રાંત કચેરીઓમાં ૧૫૦ થી ૨૦૦ જેટલી અરજીઓ કોઈ પણ ઓર્ડર વિના પેન્ડિંગ છે. ક્લિયરન્સ ઓર્ડરના અભાવે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી થઈ શકતી નથી, જેના કારણે મિલકતના સોદાઓ રદ થઈ રહ્યા છે.

વધુમાં, જાન્યુઆરી ૨૦૨૬માં બહાર પાડવામાં આવેલા નવા નોટિફિકેશનમાં મોટી ટેકનિકલ ભૂલો સામે આવી છે. વર્ષ ૨૦૨૧ના જૂના નોટિફિકેશનમાં સામેલ અનેક રેવેન્યુ અને સિટી સર્વે નંબરો નવા લિસ્ટમાંથી ગાયબ છે. આ વિસંગતતાને કારણે હજારો મિલકતધારકો કાયદાકીય ગૂંચવણમાં ફસાયા છે. બાર એસોસિએશનના સેક્રેટરી નિલેશ પટેલે આક્ષેપ કર્યો છે કે તંત્રની નિષ્ક્રિયતાને કારણે સામાન્ય નાગરિકો આર્થિક નુકસાન વેઠી રહ્યા છે. જો આગામી ૧૦ દિવસમાં આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો બાર એસોસિએશને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## રાજકોટમાં તહેવારો પૂર્વે ફૂડ વિભાગ ત્રાટક્યું, 14 નમૂના લેવાયા

રાજકોટમાં હોળી-ધુળેટીના તહેવારોમાં ખજૂર-દ્રાક્ષની ભારે માંગનો લાભ ઉઠાવતા ભેળસેળિયા વેપારીઓ સામે તંત્રએ માત્ર દેખાડા ખાતર લાલ આંખ કરી છે. પરાબજાર, મવડી અને પેડક રોડ જેવા વિસ્તારોમાં ફૂડ વિભાગે મોડી-મોડી દોડધામ કરીને ખજૂર અને દ્રાક્ષના 14 નમૂના લીધા છે. નવાઈની વાત તો એ છે કે, આ નમૂનાનો લેબોરેટરી રિપોર્ટ છેક બે મહિના પછી આવશે! એટલે કે, જ્યારે લોકો ઝેરી કે હલકી ગુણવત્તાનો માલ ખાઈને તહેવાર પૂરો કરી લેશે, ત્યારે તંત્રની કાગળી કાર્યવાહી શરૂ થશે. 'શ્રીરામ એન્ટરપ્રાઇઝ' અને 'વ્રજ ડ્રાયફ્રૂટ' જેવા નામી સ્ટોર્સમાંથી પણ સેમ્પલ લેવાયા છે, પણ સવાલ એ છે કે શું માત્ર સેમ્પલ લેવાથી જનતાનું આરોગ્ય જળવાશે? તંત્રની આ ઢીલી નીતિને કારણે જ ભેળસેળિયાઓને છૂટો દોર મળી રહ્યો છે.




# મહાશિવરાત્રી મેળા માટે ૧૦૦૦ એસટી બસો અને વિશેષ સુવિધાઓ

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢ ખાતે આયોજિત મહાશિવરાત્રી મેળાને 'મિની કુંભ' તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. આ યાત્રિકોને પરિવહનમાં કોઈ તકલીફ ન પડે તે માટે એસટી નિગમે ૧,૦૦૦ બસોના સંચાલનનું માઈક્રો પ્લાનિંગ કર્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલા આ આયોજનમાં ગુજરાતના ખૂણે-ખૂણેથી યાત્રિકો આવી શકશે. વિગતો મુજબ, સૌરાષ્ટ્રના નજીકના જિલ્લાઓ માટે ૩૩૦ બસો અને અમદાવાદ, જામનગર, કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતના શહેરો માટે ૫૦૦ વધારાની બસો દોડાવવામાં આવશે. આ ઉપરાંત, ભીડને ધ્યાનમાં રાખીને ૭૫ બસોને ખાસ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. જૂનાગઢ શહેરની અંદર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે જૂનાગઢ બસ સ્ટેન્ડથી વાઘેશ્વરી મંદિર સુધી ૮૫ મિની બસો સતત ફેરા કરશે.

આ વર્ષે ખાસ કરીને દિવ્યાંગો અને સિનિયર સિટીઝન માટે સંવેદનશીલ અભિગમ અપનાવવામાં આવ્યો છે. તેમને વાઘેશ્વરી મંદિરથી ભવનાથ મેળાના મુખ્ય સ્થળ સુધી પહોંચાડવા માટે ઓટો રિક્ષા અને વ્હિલચેરની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ડમરુ યાત્રા અને કર્મચારીઓની અવરજવર માટે પણ અલગથી મિની બસો ફાળવાઈ છે, જેથી સમગ્ર મેળા દરમિયાન પરિવહન વ્યવસ્થા સુચારૂ રીતે જળવાઈ.



**જૂનાગઢ 'મિની કુંભ' મહાશિવરાત્રી મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે એસટી નિગમે કમર કસી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ૧,૦૦૦ બસોનું સંચાલન કરવામાં આવશે, જેમાં જૂનાગઢ અને નજીકના જિલ્લાઓ માટે ૩૩૦ અને અન્ય મોટા શહેરો માટે ૫૦૦ વધારાની બસો ફાળવાઈ છે. ૭૫ બસોને ઈમરજન્સી માટે સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. યાત્રિકોને બસ સ્ટેન્ડથી વાઘેશ્વરી મંદિર સુધી લઈ જવા ૮૫ મિની બસો દોડશે. દિવ્યાંગો માટે વ્હિલચેર અને સિનિયર સિટીઝન માટે ખાસ ઓટો રિક્ષાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ છે. રિપોર્ટ : ભાવેશ રાઠોડ**

# રાજકોટમાં વેલેન્ટાઈન ડે પર લવ ગાર્ડનમાં બજરંગદળનો ભારે વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરમાં આજે વેલેન્ટાઈન ડે નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા પશ્ચિમી સંસ્કૃતિના વિરોધમાં કાર્યક્રમો યોજાયા હતા. રેસકોર્સ ખાતેના 'લવ ગાર્ડન'માં બપોરના સમયે યુવક-યુવતીઓ એકત્ર થયા હતા ત્યારે સંગઠનના કાર્યકર્તાઓએ ત્યાં પહોંચીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. કાર્યકર્તાઓએ 'જય શ્રીરામ' અને 'પશ્ચિમી સંસ્કૃતિનો નાશ કરો'ના સૂત્રોચ્ચાર કરતા ગાર્ડનમાં હાજર યુગલોમાં અફરાતફરી મચી હતી. આગેવાન પરેશ રાવલે જણાવ્યું હતું કે, આજના દિવસને વેલેન્ટાઈન ડે કે રોઝ ડે તરીકે ઉજવવાને બદલે 'માતૃ-પિતૃ પૂજન દિવસ' તરીકે ઉજવવો જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું કે આજે પુલવામામાં શહીદ થયેલા વીર જવાનોને યાદ કરવાનો દિવસ છે, પરંતુ આજની પેઢી વિદેશી સંસ્કૃતિના આંધળા અનુકરણમાં વ્યસ્ત છે. ઘણા કિસ્સાઓમાં યુવાનો ઘરેથી અભ્યાસનું બહાનું કાઢીને ગાર્ડન કે રેસ્ટોરન્ટમાં જતા હોય છે, જે સનાતન સંસ્કૃતિના મૂલ્યોની વિરુદ્ધ છે. સંગઠનોએ વાલીઓને ખાસ વિનંતી કરી છે કે તેઓ પોતાના બાળકોની ગતિવિધિઓ પર નજર રાખે અને તેમને ભારતીય સંસ્કારોનું જ્ઞાન આપે. આ વિરોધ પ્રદર્શનને પગલે ગાર્ડન ખાલી થઈ ગયું હતું. સંગઠનોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પશ્ચિમી સંસ્કૃતિના નામે ફેલાતી અશ્લીલતા અને ખોટા કામોને રોકવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.



**રાજકોટના લવ ગાર્ડનમાં વેલેન્ટાઈન ડે પર બજરંગદળ અને VHP દ્વારા વિરોધ કરાયો હતો. કાર્યકર્તાઓએ 'જય શ્રીરામ'ના નારા લગાવતા યુગલોમાં નાસભાગ મચી હતી. સંગઠનોએ પશ્ચિમી સંસ્કૃતિના બદલે માતા-પિતાનું પૂજન કરવા અને શહીદોને શ્રદ્ધાંજલિ આપવા અપીલ કરી હતી.**

# આણંદમાં સેન્ટ્રલ બેંક દ્વારા આયોજિત મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પેઈન સફળતાપૂર્વક સંપન્ન થયું

## આણંદ: સેન્ટ્રલ બેંકનો મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પ સફળ

**દૈનિક પલ્સ સમાચાર:** સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા દ્વારા આણંદના કૃષિ જગત માટે એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે "મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પેઇન" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ભાનુભાઈ પટેલ એલીકોન હોલ, જી.આઈ.ડી.સી. આણંદ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ખેડૂતોના સશક્તિકરણ અને કૃષિ વિકાસને વેગ આપવા માટે વિવિધ યોજનાઓનો પટારો ખોલવામાં આવ્યો હતો. ગૌરવવંતી ઉપસ્થિતિ અને ઉદ્ઘાટન: આ મેગા કેમ્પનું ઉદ્ઘાટન સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયાના કાર્યપાલક નિર્દેશક શ્રી ઈ. રતન કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની સાથે અમદાવાદ ઝોનલ હેડ શ્રી સુનીલ કુમાર સરકાર, અમદાવાદ રિજનલ હેડ શ્રી ગૌરવ કુમાર જૈન, ગાંધીનગર રિજનલ હેડ શ્રી ચંદન કુમાર ઝા, જિલ્લા કૃષિ અધિકારી ડૉ. ચિંતન પટેલ અને અગ્રણી જિલ્લા પ્રબંધક શ્રી જગદીશ પાટિલ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ ખેડૂતોને આધુનિક ખેતીમાં નાણાકીય આયોજનનું મહત્વ સમજાવ્યું હતું.

તાત્કાલિક લોન મંજૂરી અને યોજનાઓની સમજ: આ કેમ્પેઇનની સૌથી મોટી વિશેષતા એ હતી કે ખેડૂતોને લાંબી પ્રતીક્ષામાંથી મુક્તિ આપીને પાત્ર અરજદારોને સ્થળ પર જ લોન મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, બેંકની મુખ્ય યોજનાઓ જેવી કે:

- સેન્ટ પોલ્ટ્રી અનેATL ડેરી યોજના
- કોલ્ડ સ્ટોરેજ અને ફૂડ પ્રોસેસિંગ યુનિટ માટે લોન
- રાઈસ મિલ અને ફિશરીઝ (મત્સ્ય પાલન) માટે નાણાકીય સહાય
- KCC (કિસાન ક્રેડિટ કાર્ડ) અને PM-KUSUM (સોલાર પંપ) યોજના
- સ્વ-સહાય જૂથો (SHG-NRLM) માટે ધિરાણ

આ તમામ યોજનાઓ અંગે બેંકના નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સામાજિક સુરક્ષાના ભાગરૂપે, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજનાના દાવેદારોને પણ વીમા રકમનો ચેક સુપરત કરવામાં આવ્યો હતો. આકર્ષક વ્યાજ દર અને ભવિષ્યનું લક્ષ્ય: બેંક દ્વારા કૃષિ લોન પર માત્ર ૭% થી શરૂ થતા અત્યંત આકર્ષક વ્યાજ દરની જાહેરાત કરવામાં આવતા ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક ખેડૂતોએ નવી લોન માટે સ્થળ પર જ અરજીઓ સબમિટ કરી હતી. વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ બેંક માત્ર બેંકિંગ સેવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ખેડૂતોના સાચા સાથી તરીકે ગ્રામિણ અર્થતંત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે પ્રતિબદ્ધ છે.


રિપોર્ટ : ચેતન રાજપૂત

આ કાર્યક્રમ આણંદ જિલ્લાના ખેડૂતો માટે એક યાદગાર પ્રસંગ બની રહ્યો હતો. વધુ માહિતી માટે ખેડૂતોને નજીકની સેન્ટ્રલ બેંકની શાખાનો સંપર્ક કરવા અથવા ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૩૦૩૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થાના નામે મીંડું, જનતા ભારે હાલાકીમાં મુકાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થા હવે તંત્ર માટે માત્ર 'રૂપિયા છાપવાનું મશીન' બની ગઈ હોય તેમ લાગે છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે સામાન્ય નાગરિકો રસ્તા પર પીસાઈ રહ્યા છે. શહેરના દરેક ચાર રસ્તે ફ્રી-લેફ્ટ બ્લોક કરનારા તત્વોને કારણે ટ્રાફિક જામ સર્જાય છે, પરંતુ પોલીસ કે કેમેરા માત્ર સ્ટોપ લાઇન કે હેલ્મેટ શોધવામાં જ વ્યસ્ત છે. આ તે કેવી સ્માર્ટ સિસ્ટમ કે જે રસ્તો રોકનારાઓને જોઈ શકતી નથી? ત્રિકોણ બાગ વિસ્તારની વાત કરીએ તો ત્યાં તંત્રની ઘોર બેદરકારી ઉડીને આંખે વળગે છે. આખું સર્કલ સિટી બસોના પાર્કિંગમાં ફેરવાઈ ગયું છે. મુસાફરો માટે બનાવેલી સ્પેશિયલ લેન શોભાના ગાંઠિયા સમાન છે, કારણ કે બસો તો રોડની વચ્ચે જ ઉભી રાખવામાં આવે છે. આને કારણે ૧૦૦ મીટરનું અંતર કાપવામાં પણ નાગરિકોને નવ નેજા પાણી ઉતરે છે. રિક્ષાચાલકોનો આતંક અને સિટી બસોની મનમાની સામે ટ્રાફિક પોલીસ મૂકપ્રેક્ષક બનીને બેઠી છે. દંડ વસૂલવામાં જે ત્વરા બતાવવામાં આવે છે, તેવી જ સ્ફૂર્તિ વ્યવસ્થા સુધારવામાં કેમ નથી દેખાતી? તંત્રએ સમજવું જોઈએ કે ટ્રાફિક સમસ્યાનો ઉકેલ માત્ર ઈ-ચલણ ફાટવામાં નથી, પણ રસ્તા પરની અડચણો દૂર કરવામાં છે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા



ૐ નમઃ શિવાય! આ મહાશિવરાત્રી પર ભગવાન ભોલેનાથ આપના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે તેવી પ્રાર્થના. **મહાશિવરાત્રીની હાર્દિક શુભેચ્છાઓ!**

# રાજકોટ: વેરા વસૂલાત માટે 198 મિલકતો સીલ અને જપ્તી નોટિસ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગે નાણાકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં બાકી વેરાની વસૂલાત માટે કમર કસી છે. જાન્યુઆરી માસથી શરૂ થયેલી આ કડક ઝુંબેશ અંતર્ગત ત્રણેય ઝોનના 18 વોર્ડમાં છેલ્લા એક સપ્તાહમાં 198 મિલકતો સીલ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા વેરો ન ભરનારા 1540 આસામીઓને મિલકત જપ્તીની અંતિમ નોટિસો ફટકારવામાં આવી છે, જેના કારણે બિલ્ડરો અને મિલકત ધારકોમાં દોડધામ મચી ગઈ છે.

મનપાની આ કડક કાર્યવાહીને પગલે સીલિંગની કાર્યવાહીથી બચવા માટે એક જ સપ્તાહમાં 3245 આસામીઓએ રોકડ અને ચેક દ્વારા કુલ 10.34 કરોડ રૂપિયાનો વેરો સ્થળ પર જ ભરપાઈ કર્યો હતો. વેસ્ટ ઝોનમાં સૌથી વધુ 103 મિલકતો સીલ કરાઈ છે, જ્યારે સેન્ટ્રલ અને ઇસ્ટ ઝોનમાં પણ વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી છે. વેરા વિભાગે આગામી દિવસોમાં વધુ 2858 મિલકત ધારકોને જપ્તીની નોટિસ આપવાનું લક્ષ્ય રાખ્યું છે. જે કરદાતાઓનો વેરો 1 લાખથી વધુ બાકી છે, તેમની સામે 31 માર્ચ સુધી આક્રમક રીતે સીલિંગ કામગીરી ચાલુ રાખવામાં આવશે. એક તરફ સીલિંગની કાર્યવાહી ચાલી રહી છે, ત્યારે બીજી તરફ મનપાની વ્યાજ માફી યોજના કરદાતાઓ માટે રાહત લઈને આવી છે. 10 વર્ષ બાદ અમલમાં આવેલી આ યોજનામાં મિલકત અને પાણી વેરાના વ્યાજમાં રૂ. 5000 સુધીની માફી આપવામાં આવી રહી છે. ગત ગુરુવાર અને શુક્રવાર એમ માત્ર બે દિવસમાં જ 1621 આસામીઓએ આ યોજનાનો લાભ લીધો હતો, જેનાથી મનપાને 3.63 કરોડની રેકોર્ડબ્રેક આવક થઈ છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં અંદાજે 50 લાખ રૂપિયાનું વ્યાજ માફ કરવામાં આવ્યું છે. તંત્રએ તાકીદ કરી છે કે જે લોકોએ ચેક આપ્યા છે તેઓ ખાતામાં બેલેન્સ જાળવે, નહીંતર ચેક રિટર્ન થવાના કિસ્સામાં ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા




# રાજકોટ વસતિગણતરીમાં સ્ટાફની મોટી અછત: 2500 કર્મચારીઓની ઘટ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં વસતિગણતરીની પ્રક્રિયા આડે સ્ટાફની અછતનું મોટું વિઘ્ન આવ્યું છે. વર્ષ ૨૦૧૧ના લાંબા અંતરાલ બાદ ૨૦ એપ્રિલ ૨૦૨૬થી આ મહત્વની કામગીરી શરૂ થવાની છે, પરંતુ મનપા પાસે પૂરતો માનવબળ નથી. મનપા અને સરકારી શાળાઓ મળીને ૨,૫૦૦ કર્મચારીઓ જ ઉપલબ્ધ છે, જ્યારે વાસ્તવિક જરૂરિયાત ૫,૦૦૦ કર્મચારીઓની છે. શહેરના વિસ્તરણને કારણે કામગીરીના બ્લોક્સમાં પણ વધારો થયો છે.

આ સ્ટાફની ઘટને કારણે એક કર્મચારી પર કામનું ભારણ બમણું થઈ શકે તેમ છે, જેની સીધી અસર ડેટાની ચોકસાઈ પર પડી શકે છે. પરિસ્થિતિને થાળે પાડવા માટે મનપા તંત્રએ ખાનગી શાળાઓના શિક્ષકોને સેન્સસ એક્ટની જોગવાઈ મુજબ કામમાં જોડવા માટે વિચારણા શરૂ કરી છે. આ ઉપરાંત, રાષ્ટ્રીયકૃત બેંકો, એલઆઈસી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્ટાફની મદદ લેવા માટે કલેક્ટર મારફત પત્રવ્યવહાર પણ કરવામાં આવ્યો છે. ચૂંટણી અધિકારી પ્રણય પંચાલના જણાવ્યા મુજબ, અમદાવાદ અને વડોદરાની જેમ જ રાજકોટમાં પણ કેન્દ્ર સરકારની કચેરીઓ અને જીએસટી જેવી સંસ્થાઓ સાથે સંકલન સાધવામાં આવી રહ્યું છે. જો સરકારી સ્ટાફ પૂરતો નહીં મળે, તો ખાનગી શાળાઓના શિક્ષકોને તાલીમ આપીને મેદાનમાં ઉતારવામાં આવશે. શહેરના આગામી ૧૦ વર્ષના આયોજન માટે આ ડેટા અત્યંત મહત્વનો હોવાથી તંત્ર કોઈ પણ જોખમ લેવા માંગતું નથી અને બાકીના ૨,૫૦૦ કર્મચારીઓની પૂર્તિ માટે ઝડપી પ્રયાસો કરી રહ્યું છે.



**રાજકોટમાં ૨૦ એપ્રિલથી શરૂ થનારી વસતિગણતરી માટે સ્ટાફની મોટી અછત સર્જાઈ છે. ૫,૦૦૦ કર્મચારીઓની જરૂરિયાત સામે મનપા પાસે માત્ર ૨,૫૦૦નો સ્ટાફ ઉપલબ્ધ છે. આ ઘટ પૂરી કરવા માટે હવે ખાનગી શાળાઓ અને બેંક કર્મચારીઓની મદદ લેવા તંત્રએ કવાયત શરૂ કરી છે.**

# ગઢડામાં શોભાયાત્રા સાથે હિન્દુ સંમેલન યોજાયું, સંતો-મહંતો રહ્યા ઉપસ્થિત

**દૈનિક પલ્સ સમાચાર:** ગઢડા શહેરમાં સામાજિક એકતા અને ધાર્મિક જાગૃતિના હેતુથી હિન્દુ સમિતિ દ્વારા એક ભવ્ય હિન્દુ સંમેલન સંપન્ન થયું. રેલવે ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ સંમેલન પૂર્વે બીએપીએસ મંદિરથી એક વિશાળ શોભાયાત્રા નીકળી હતી, જે શહેરના મુખ્ય માર્ગો પર ફરીને સભા સ્થળે પહોંચી હતી. આ શોભાયાત્રામાં હિન્દુ સમાજના તમામ વર્ગોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંમેલનની શરૂઆતમાં સંતો અને રાજકીય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. સમાજમાં ઉત્કૃષ્ટ સેવા આપવા બદલ ડો. જીવી કળથીયાનું સન્માન કરી તેમને નવાજવામાં આવ્યા હતા. એસપી સ્વામીએ પોતાના વક્તવ્યમાં સનાતન ધર્મના મૂલ્યો અને સંસ્કૃતિના જતન માટે યુવા પેઢીને જાગૃત રહેવા અપીલ કરી હતી. બીએપીએસ મંદિરના આધ્યાત્મિક સ્વરૂપ સ્વામીએ પણ આગામી દિવસોમાં ગઢડામાં દેશવ્યાપી નોંધ લેવાય તેવા મોટા સંમેલનનું સૂચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં બાબુભાઈ જેબલિયા, સુરેશભાઈ ગોધાણી, ભોળાભાઈ રબારી અને જયરાજભાઇ પટગીર સહિતના બોટાદ જિલ્લા અને ગઢડા શહેરના ભાજપના અગ્રણીઓ તેમજ સામાજિક કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર આયોજન શાંતિપૂર્ણ અને ભક્તિમય વાતાવરણમાં પૂર્ણ થયું હતું.

**રિપોર્ટ : મનસુખ વાળા**



# ભાવનગરને ૫૦ નવી PM ઈ-બસો અને કરોડોના વિકાસકામોની ભેટ મળી

## ભાવનગરને મળી 50 PM ઈ-બસની ભેટ: હર્ષ સંઘવીએ કર્યું લોકાર્પણ




**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર શહેરના આંગણે આજે વિકાસનો મંગલ પ્રારંભ થયો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અધેવાડા બસ ડેપો ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ₹509.23 કરોડના વિકાસલક્ષી પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ અવસરે ભાવનગરના પરિવહન માળખાને બદલી નાખનારી 'PM ઈ-બસ' સેવાનું વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. કુલ 50 નવી ઈલેક્ટ્રિક બસો ભાવનગરના રસ્તાઓ પર દોડતી થશે. આ તમામ બસો સંપૂર્ણપણે એરકન્ડિશન્ડ છે અને તેમાં 25 મુસાફરોની બેસવાની ક્ષમતા છે. સુરક્ષા માટે દરેક બસમાં 4 CCTV કેમેરા, ઓટોમેટિક દરવાજા અને દિવ્યાંગો માટે ખાસ ટ્રાયસિકલ સાથે ચડવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો શહેરના 13 વોર્ડના 8 મુખ્ય રૂટ પર દોડશે, જે 17થી વધુ ગામડાઓને જોડશે. મુસાફરોની સુવિધા માટે શહેરમાં 150 નવા પીકઅપ બસ સ્ટેન્ડ પણ તૈયાર કરવામાં આવ્યા છે. માત્ર ₹20ના ભાડામાં મુસાફરી મળવાથી સામાન્ય જનતાને મોટો આર્થિક લાભ થશે. હર્ષ સંઘવીએ ભાવનગરના નાગરિકોને ભાવુક અપીલ કરતા જણાવ્યું હતું કે, "આ બસો વડાપ્રધાને ભેટ આપી છે, પણ હવે તેની માલિકી તમારી છે. આ બસને સરકારી મિલકત ગણીને નુકસાન ન પહોંચાડતા, પણ પોતાની સમજીને સાચવજો. બસમાં પાનની પિચકારી ન મારીને સ્વચ્છતા જાળવવામાં સાથ આપજો." તેમણે ઉમેર્યું કે ₹24 કરોડના ખર્ચે બનેલો આ બસ ડેપો ગુજરાતનો પ્રથમ અત્યાધુનિક ડેપો છે.

ઈ-બસ સેવા ઉપરાંત, મહિલા કોલેજ પાસે નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પૂર્વ વિસ્તારમાં પોસ્ટ કોમ્પ્લેક્સ, અને ઈન્ટિગ્રેટેડ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC) જેવી મહત્વની સુવિધાઓનું લોકાર્પણ કરાયું. કુંભારવાડા અને હાદાનગર જેવા વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક અને RCC રોડના કામોથી પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બનશે. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા અને શહેરના મેયર સહિતના મહાનુભાવોએ હાજર રહી ભાવનગરના સર્વાંગી વિકાસની ખાતરી આપી હતી. આ પ્રોજેક્ટો ભાવનગરને સ્માર્ટ સિટી તરફ લઈ જવાની દિશામાં મોટું કદમ સાબિત થશે.

**ભાવનગરના વિકાસમાં આજે નવું છોગું ઉમેરાયું છે! નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અધેવાડા બસ ડેપો ખાતેથી ₹509 કરોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે 50 નવી અદ્યતન AC ઈ-બસો શરૂ કરાઈ છે, જે શહેરના 8 રૂટ પર દોડશે. હર્ષ સંઘવીએ નાગરિકોને અપીલ કરતા કહ્યું કે, "આ બસને પોતાની સમજીને સાચવજો." ₹24 કરોડના ખર્ચે બનેલો આ દેશનો પહેલો અત્યાધુનિક ઈ-બસ ડેપો છે. આરોગ્ય, પાણી અને રસ્તાના અનેક પ્રોજેક્ટો હવે ભાવનગરવાસીઓની સુવિધામાં વધારો કરશે.**

# કેશોદ બ્રહ્મસમાજ દ્વારા સમૂહલગ્ન અને યજ્ઞોપવિત સંસ્કારનો ભવ્ય સમારોહ

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદમાં બ્રહ્મસમાજ દ્વારા આયોજિત સંસ્કારોત્સવમાં સામાજિક સેવા અને ધાર્મિક પરંપરાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. જુના આર.કે. જીનિંગ મીલના પરિસરમાં યોજાયેલા આ ચોથા મહોત્સવમાં ૪ યુગલોએ લગ્ન કર્યા હતા અને ૮ બટુકોએ વૈદિક પરંપરા મુજબ યજ્ઞોપવિત સંસ્કાર પ્રાપ્ત કર્યા હતા. આ પ્રકારના આયોજનો સમાજમાં આર્થિક બચત અને એકતાની ભાવનાને વેગ આપે છે. મહોત્સવ દરમિયાન દરેક બટુકને જીવન ઉપયોગી ૧૫ ભેટો અને નવદંપતીઓને સંસાર વસાવવા માટે ૭૧ પ્રકારની કરીયાવર સામગ્રી સમાજ દ્વારા અર્પણ કરવામાં આવી હતી. ભાગવતાચાર્ય ઉત્તમભાઈ સારસ્વત દ્વારા સંપન્ન કરાયેલી આ વિધિમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. પૂજ્ય ઘનશ્યામદાસજી સ્વામીએ નવદંપતીઓને આદર્શ ગૃહસ્થ જીવન જીવવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા અને શહેરના અગ્રણીઓએ ખાસ હાજરી આપી આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. જીતુભાઈ ધોળકિયાના સુચારૂ સંચાલન હેઠળ બ્રહ્મ સર્વિસ સોશ્યલ ફોરમ, મહિલા પાંખ અને યુવા પાંખના કાર્યકરોએ અથાગ મહેનત કરી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. બ્રહ્મસમાજની આ પહેલથી સમાજમાં સંસ્કાર સિંચન અને સામાજિક સમરસતાના નવા દ્વાર ખુલ્યા છે.



રિપોર્ટર : હર્ષ ભરડા






# કઠલાલ: મોટી મૂડેલ ગામે ક્ષત્રિય સમાજના ભવ્ય સમૂહ લગ્ન

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના મોટી મૂડેલ ગામે સામાજિક પરિવર્તન અને એકતાની નવી મિશાલ કાયમ કરવામાં આવી છે. ક્ષત્રિય સમાજ દ્વારા અહીં પ્રથમવાર ભવ્ય સમૂહ લગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે સમગ્ર પંથકમાં આકર્ષણ જમાવ્યું છે. ઉમંગ અને ઉલ્લાસના વાતાવરણમાં યોજાયેલા આ મહોત્સવમાં કુલ ૯ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડીને પોતાના સુખદ દામ્પત્ય જીવનની શરૂઆત કરી હતી.

આ મંગલમય અવસરની શોભા વધારવા માટે અનેક જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. ગુજરાતની જાણીતી ગાયિકા અને અભિનેત્રી મમતા સોનીની વિશેષ ઉપસ્થિતિએ ગ્રામજનો અને નવદંપતીઓમાં ભારે ઉત્સાહ જગાડ્યો હતો. મમતા સોનીની સાથે અન્ય ફિલ્મ કલાકારો અને સામાજિક કાર્યકરોએ પણ નવયુગલોને નવા જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

અગ્રણીઓ દ્વારા આશીર્વાદ: રુંધ લાલસિંહ ડાભી અને સમાજના અન્ય વડીલો તેમજ રાજકીય અગ્રણીઓએ ઉપસ્થિત રહીને નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. મહાનુભાવોએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, સમૂહ લગ્ન એ આજના સમયની જરૂરિયાત છે. આનાથી સમય અને નાણાંનો બચાવ થાય છે અને સમાજના તમામ વર્ગો એકસાથે મળીને ઉત્સવ ઉજવી શકે છે.

સફળ આયોજન અને સામાજિક સંદેશ: ધિઓ માટે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. ક્ષત્રિય સમાજના યુવાનો અને કાર્યકરોએ આ પ્રથમ સમૂહ લગ્નને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. સમારોહના અંતે નવયુગલોને જરૂરી ઘરવખરીની ચીજવસ્તુઓ પણ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

મોટી મૂડેલ ગામે યોજાયેલા આ પ્રથમ સમૂહ લગ્ને સાબિત કરી દીધું છે કે જ્યારે સમાજ એકજૂટ થાય છે ત્યારે મોટા અને પ્રેરક કાર્યો શક્ય બને છે. ગામના લોકોએ પણ આ પહેલને બિરદાવી હતી અને ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો થતા રહે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કઠલાલ પંથકમાં ક્ષત્રિય સમાજના આ સુંદર અને ભવ્ય આયોજનની ચોમેર પ્રશંસા થઈ રહી છે.



રિપોર્ટ : ધર્મેન્દ્રકુમાર ડાભી






# માળીયા હાટીનામાં ૯૦મી ત્રિમૂર્તિ શિવજયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** માળીયા હાટીનામાં મહાશિવરાત્રિ નિમિત્તે બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત ૯૦મી ત્રિમૂર્તિ શિવજયંતીનો કાર્યક્રમ આધ્યાત્મિક ઉજાસ સાથે સંપન્ન થયો. આ મહોત્સવમાં સ્થાનિક અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો પ્રારંભ ભક્તિભાવ સાથે શિવધ્વજારોહણ દ્વારા કરવામાં આવ્યો હતો અને ત્યારપછી ત્રિમૂર્તિ શિવજયંતીની સ્મૃતિમાં કેક કટિંગ કરવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા બ્રહ્માકુમારી રૂપાદીદીએ મહાશિવરાત્રિનો આધ્યાત્મિક ગૂઢ રહસ્ય સમજાવતા કહ્યું કે, પરમાત્મા શિવ જ્ઞાનના પ્રકાશ દ્વારા માનવ આત્માઓને અજ્ઞાનતાના અંધકારમાંથી મુક્તિ અપાવે છે. તેમણે વર્તમાન સમયમાં વધતા તણાવ સામે લડવા માટે સકારાત્મક ચિંતન અને રાજયોગ મેડિટેશનને અત્યંત જરૂરી ગણાવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેન્દ્રભાઈ ગાંધી, પૂજારી જીતુબાપુ અને રિટાયર્ડ આર્મી ઓફિસર નવલભારતીબાપુએ પણ પ્રાસંગિક હાજરી આપી હતી. ભવ્ય શિવમહાઆરતીના દર્શન અને ગહન મેડિટેશન દ્વારા શ્રદ્ધાળુઓએ માનસિક શાંતિનો અનુભવ કર્યો હતો. બ્રહ્માકુમારીઝ સંસ્થાની આ પહેલથી લોકોમાં માનવીય મૂલ્યો અને દૈવી ગુણો પ્રત્યે જાગૃતિ ફેલાઈ હતી. કાર્યક્રમના સમાપન બાદ સૌએ હર્ષોલ્લાસ સાથે પ્રભુ પ્રસાદ સ્વીકાર્યો હતો.



રિપોર્ટર : હર્ષ ભરડા

**માળીયા હાટીનામાં બ્રહ્માકુમારીઝ દ્વારા શિવધ્વજારોહણ અને મહાઆરતી સાથે 90મી ત્રિમૂર્તિ શિવજયંતીની આધ્યાત્મિક ઉજવણી કરવામાં આવી.**

# કેશોદ: જલારામ બાપાની 145મી પુણ્યતિથિએ અન્નસેવા અને ભક્તિનો સંગમ

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વવંદનીય સંત પૂજ્ય જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિના પાવન અવસરે કેશોદમાં ભક્તિ અને સમર્પણનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક જલારામ મંદિર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સવારથી જ ધાર્મિક વિધિઓનો પ્રારંભ થયો હતો. મંદિરમાં ભજન-કીર્તનની સુરાવલીઓ વચ્ચે ભક્તોએ બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગ માત્ર ધાર્મિક ઉજવણી પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ માનવસેવાના કાર્યોથી મહેકી ઉઠ્યો હતો. જલારામ બાપાના અન્નદાનના મહિમાને જીવંત રાખતા કેશોદના વંચિત વિસ્તારોમાં ભોજન સેવા પૂરી પાડવામાં આવી હતી. મોહનભાઈ કનારીયા દ્વારા અન્નક્ષેત્રમાં સાર્વજનિક પ્રસાદ વિતરણ કરાયું હતું. સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે મારુતિ અને અક્ષય અન્નક્ષેત્રમાં ગરીબ અને જરૂરિયાતમંદોને સન્માનપૂર્વક ભોજન કરાવવામાં આવ્યું હતું. જીવદયાના કાર્યમાં ગાયોને નીણ ખવડાવી ગૌપૂજન પણ કરવામાં આવ્યું હતું. સાંજે મંદિર પરિસરમાં ઝગમગતી જ્યોત વચ્ચે ભવ્ય મહાઆરતીનું આયોજન થયું હતું. ભક્તોએ ભાવપૂર્વક બાપાની આરતી ઉતારી અને વિશ્વકલ્યાણની પ્રાર્થના કરી હતી. અંતે પૂજ્ય બાપાની છબી સમક્ષ શ્રદ્ધાંજલિ અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. મંદિરના ટ્રસ્ટી મંડળ અને શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ ઉત્સવ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.



રિપોર્ટર : હર્ષ ભરડા

**કેશોદમાં પૂજ્ય જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જલારામ મંદિરે ધૂન-ભજન સાથે જરૂરિયાતમંદો માટે અન્નસેવા અને ગૌસેવાના કાર્યો યોજાયા હતા. સાંજે ભવ્ય મહાઆરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને બાપાના આશીર્વાદ મેળવ્યા હતા.**

# હિંમતનગરમાં પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ: પેરામિલેટ્રી સંગઠનની રેલી

## હિંમતનગર: શહીદોની યાદમાં પેરામિલેટ્રી સંગઠનની જાગૃતિ રેલી

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે ૧૪ ફેબ્રુઆરીના કાળા દિવસની યાદમાં પુલવામાના શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવા માટે એક ભવ્ય જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. 'નિવૃત અને શહીદ કલ્યાણ ટ્રસ્ટ પેરામિલેટ્રી સંગઠન' ના નેજા હેઠળ યોજાયેલી આ રેલીમાં દેશભક્તિના અનેરા દર્શન થયા હતા. વર્ષ ૨૦૧૯માં થયેલા તે ભીષણ આતંકી હુમલામાં જીવ ગુમાવનારા પેરામિલેટ્રી ફોર્સના વીર જવાનોની સ્મૃતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. રેલીની શરૂઆત શહેરના વ્યસ્ત ગણાતા બસ સ્ટેન્ડ વિસ્તારથી થઈ હતી. રાષ્ટ્રધ્વજ અને શહીદોની છબીઓ સાથે નીકળેલી આ રેલીએ આખું શહેર ગજવી મૂક્યું હતું. રેલીના માર્ગ પર આવતી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા અને ટાવર ચોક ખાતે સ્થિત લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને રેલીના અગ્રણીઓ દ્વારા હારતોરો કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ આ રેલી હિંમત હાઈસ્કૂલના મેદાનમાં પહોંચી હતી, જ્યાં તે એક વિશાળ સભામાં પરિવર્તિત થઈ હતી.

આ શ્રદ્ધાંજલિ મહોત્સવમાં માત્ર હિંમતનગર જ નહીં, પરંતુ સાબરકાંઠાના અન્ય તાલુકાઓ અને પડોશી જિલ્લાઓમાંથી પણ નિવૃત જવાનો અને શહીદ પરિવારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઘણા પૂર્વ જવાનોએ પોતાના ગણવેશમાં સજ્જ થઈને રેલીમાં ભાગ લીધો હતો, જે વાતાવરણને વધુ ગંભીર અને ગૌરવપૂર્ણ બનાવતું હતું. નાના બાળકો પણ શહીદોના પોસ્ટરો સાથે દેશભક્તિના નારા લગાવતા જોવા મળ્યા હતા. પેરામિલેટ્રી સંગઠનના હોદ્દેદારોએ સભા દરમિયાન જણાવ્યું હતું કે, આ આયોજન માત્ર એક રેલી નથી પરંતુ તે જવાનોના બલિદાન પ્રત્યેની આપણી જવાબદારી છે. તેમણે જનતાને શહીદ પરિવારોની પડખે રહેવા અને રાષ્ટ્ર સુરક્ષા માટે હંમેશા જાગૃત રહેવા અપીલ કરી હતી. દેશભક્તિના ગીતોના સૂર વચ્ચે શહીદોના ફોટા પર પુષ્પ અર્પણ કરી સૌએ બે મિનિટનું મૌન પાળ્યું હતું. આ જનજાગૃતિ રેલીએ હિંમતનગરના નાગરિકોમાં નવી રાષ્ટ્રચેતના જગાડી હતી અને શહીદોના ઋણનો સ્વીકાર કર્યો હતો. આખો કાર્યક્રમ અત્યંત ગરિમાપૂર્ણ માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.


રિપોર્ટ : જનક જાદવ

**હિંમતનગરમાં પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે પેરામિલેટ્રી સંગઠન દ્વારા જનજાગૃતિ રેલી યોજાઈ હતી. શહેરના બસ સ્ટેન્ડથી શરૂ થયેલી આ રેલીમાં પૂર્વ જવાનો અને શહીદ પરિવારોએ જોડાઈને દેશભક્તિના નારા સાથે વીર જવાનોને યાદ કર્યા હતા.**

# સાબરકાંઠા: 11 નાયબ મામલતદારોને પ્રમોશન, 3 નવા અધિકારીઓની નિમણૂક

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના મહેસૂલ વિભાગમાં મોટા પાયે ફેરબદલ જોવા મળી રહ્યા છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ૩૭ મામલતદારોની બદલી અને ૧૬૫ નાયબ મામલતદારોને બઢતી આપવાના નિર્ણય બાદ સાબરકાંઠાના ૧૧ અધિકારીઓને મામલતદાર તરીકે નવી ઓળખ મળી છે.

પ્રમોશન મેળવી સાબરકાંઠાથી વિદાય લેનારા ૧૧ અધિકારીઓમાં હરેશકુમાર પટેલ, મીનલબેન પટેલ, યોગેશકુમાર પટેલ, તકદીરકુમાર સોલંકી અને સંકેતકુમાર શાહ જેવા નામ સામેલ છે, જેમને બનાસકાંઠા અને અરવલ્લી જેવા જિલ્લાઓમાં મહત્વની પોસ્ટ પર મુકાયા છે. જ્યારે પ્રિયક કુમાર પટેલ અને જેમિનીબેન ગોસ્વામી સહિતના અધિકારીઓને ગાંધીનગર ખાતે વિવિધ કમિશનર કચેરીઓમાં નિમણૂક મળી છે. જિલ્લામાં વહીવટી તંત્રને મજબૂત કરવા માટે અન્ય જિલ્લાઓમાંથી પ્રમોશન મેળવીને ૩ નવા મામલતદારો સાબરકાંઠામાં આવ્યા છે. જેમાં અમરેલીથી વિજયનગર ખાતે સંગીતાબેન દેસાઈ, મહેસાણાથી ખેડબ્રહ્મા (TASP) ખાતે હિતેન્દ્રકુમાર ચૌધરી અને મહેસાણાથી જ પોશીના ખાતે કિરણસિંહ વિહોલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, જિલ્લાના ચીટનીશ નિલેશ એ. પટેલની પંચમહાલ બદલી કરવામાં આવી છે. આ ફેરબદલ આગામી સમયમાં સરકારી યોજનાઓના અમલીકરણ અને વહીવટી પારદર્શિતા લાવવામાં સહાયરૂપ સાબિત થશે.


રિપોર્ટ : જનક જાદવ




## સોનાસણ: બંધ મકાનમાં ચોરી કરનાર પાડોશીને LCBએ ઝડપ્યો

સાબરકાંઠા જિલ્લાના સોનાસણ ગામે ચાર દિવસ પૂર્વે થયેલી ₹14.75 લાખની ચોરીના મામલે એલ.સી.બી.ને મોટી સફળતા મળી છે. આ ચોરી અજાણ્યા તત્વોએ નહીં પરંતુ પાડોશમાં રહેતા યુવાને જ કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે.

ઘટનાની વિગત મુજબ, ફરિયાદી દર્શનાબેન પટેલના પરિવારજનો સમૂહ લગ્નમાં ગયા હતા ત્યારે પાડોશી રાજ ભુપેન્દ્ર પટેલે ચાવી વડે ઘર ખોલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. એલ.સી.બી. ઇન્ચાર્જ પી.આઈ. ડી.સી. પરમારની ટીમે ટેકનિકલ સરવેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી રાજ પટેલને ઝડપી પાડ્યો હતો. આરોપીએ ચોરી કરેલા દાગીના તેના ફોઈના દીકરા પ્રતીક પટેલને સાચવવા આપ્યા હતા. પોલીસે આ તમામ મુદ્દામાલ, જેમાં મંગળસૂત્ર, મગમાળા અને વીંટીઓ સામેલ છે, તે જપ્ત કરી આરોપીની અટકાયત કરી છે. વધુ તપાસ અર્થે તેને પ્રાંતિજ પોલીસના હવાલે કરવામાં આવ્યો છે.

## લુણાવાડા: હાઈવે પરના બાંધકામોમાં તપાસના કલેક્ટરના આદેશ

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં ગેરકાયદેસર બાંધકામો અને શરતભંગના કિસ્સાઓ સામે કલેક્ટર અર્પિત સાગરે કડક વલણ અપનાવ્યું છે. લુણાવાડા-ગોધરા હાઈવે પરના બાંધકામોમાં વ્યાપક ગેરરીતિની ફરિયાદો ઉઠતા, કલેક્ટરે નગર નિયોજક કચેરી પાસે વિગતવાર તપાસ અહેવાલ માંગ્યો છે. આ તપાસમાં લે-આઉટ પ્લાન અને મંજૂર નકશા મુજબ બાંધકામ થયું છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. અગાઉ કલેક્ટરે શરતભંગ કરનારાઓની કરોડોની મિલકતો જપ્ત કરી સરકાર હસ્તક કરવાનો આદેશ કર્યો હતો, જેનાથી ભૂમાફિયાઓમાં ફફડાટ છે. રહેણાંક હેતુ માટે બિનખેતી કરાયેલી જમીનો પર ગેરકાયદે કોમર્શિયલ બિલ્ડિંગો ઉભા કરવાના કિસ્સાઓ મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચતા તંત્ર હરકતમાં આવ્યું છે. કલેક્ટર અને એસપી સફીન હસન દ્વારા કરવામાં આવેલા ફૂટ પેટ્રોલિંગ બાદ દબાણ હટાવવાની કામગીરી તેજ બની છે. આગામી દિવસોમાં હાઈવેની સીમા રેખામાં દબાણ કરનારા અને નિયમ વિરુદ્ધ બાંધકામ કરનારાઓ સામે બુલડોઝર ફરે તેવી શક્યતા છે.

## ભવનાથમાં શિવરાત્રી પર્વે શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ

જૂનાગઢની પવિત્ર ભવનાથ તળેટીમાં મહાશિવરાત્રીના પાવન અવસરે ભારતી આશ્રમ ખાતે શિક્ષણનો મહિમા ગવાયો હતો. પૂજ્ય સંત શ્રી હરિહરાનંદ બાપુની નિશ્રામાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી પસંદ કરાયેલા ૪૦ જેટલા શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ ક્ષેત્રે નવીન પ્રયોગો કરનાર શિક્ષકોને શાલ, મોમેન્ટો અને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મંત્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું કે, સંતોના આશીર્વાદ સાથે શિક્ષકોનું સન્માન થવું એ સૌભાગ્યની વાત છે અને યુવાનોને વ્યસનમુક્ત કરી સંસ્કારવાન બનાવવાની જવાબદારી આ બંને વર્ગના ખભે છે. પૂજ્ય બાપુએ આ પ્રસંગે ભાવ વ્યક્ત કર્યો હતો કે શિક્ષકોને સતત પ્રોત્સાહન મળતું રહે તે હેતુથી હવે દર વર્ષે મહાશિવરાત્રીના પર્વે આવા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ આશ્રમ સાથેના પોતાના જૂના સંસ્મરણો પણ તાજા કર્યા હતા.




# ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૮ ફેબ્રુઆરીથી નિયમિત શરૂ થશે.

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા અને રાજસ્થાનના પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા માટે રેલ્વે વિભાગે ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસની જાહેરાત કરી છે. ઉત્તર પશ્ચિમ રેલ્વે દ્વારા સોશિયલ મીડિયા પર જાહેર કરેલા સમયપત્રક મુજબ, ૧૬ ફેબ્રુઆરીએ ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાશે. ઉદ્ઘાટન સ્પેશિયલ ટ્રેન બપોરે ૧૨:૨૫ વાગ્યે ઉદયપુરથી રવાના થઈ સાંજે ૫:૧૫ વાગ્યે અસારવા પહોંચશે અને હિંમતનગર ખાતે ૩:૫૦ વાગ્યે તેનું સ્વાગત કરાશે. ૧૮ ફેબ્રુઆરીથી શરૂ થતી નિયમિત સેવામાં ટ્રેન સપ્તાહમાં ૬ દિવસ (મંગળવાર સિવાય) ચાલશે. સવારની સેવામાં ઉદયપુરથી વહેલી સવારે ૬:૧૦ વાગ્યે ઉપડનારી ટ્રેન માત્ર ૪ કલાક અને ૧૫ મિનિટમાં અસારવા પહોંચશે. હિંમતનગરના મુસાફરો માટે સવારે ૯:૦૫ વાગ્યે ટ્રેન ઉપલબ્ધ થશે. સાંજે અસારવા (અમદાવાદ)થી પરત જવા માટે ૫:૪૫ વાગ્યાનો સમય નિર્ધારિત કરાયો છે. આ ટ્રેનમાં ૭ એસી ચેર કાર અને ૧ એક્ઝિક્યુટિવ એસી કોચ એમ કુલ ૮ કોચની સુવિધા છે. વંદે ભારત ટ્રેન શરૂ થવાથી ઉદયપુર અને અમદાવાદ વચ્ચેનું અંતર ઘટશે અને હિંમતનગર જેવા મધ્યવર્તી સ્ટેશનોને પણ સીધો ફાયદો થશે. આ ટ્રેનથી વ્યાપારીઓ અને પ્રવાસીઓના સમયની મોટી બચત થશે.


રિપોર્ટ : જનક જાદવ

**સાબરકાંઠાના મુસાફરો માટે સારા સમાચાર છે. ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસ ૧૬ ફેબ્રુઆરીએ લોન્ચ થશે અને ૧૮ ફેબ્રુઆરીથી નિયમિત શરૂ થશે. મંગળવાર સિવાય સપ્તાહમાં ૬ દિવસ ચાલનારી આ ટ્રેન હિંમતનગર થઈને માત્ર ૪ કલાકમાં અસારવા પહોંચશે.**

# થરાદની મુખ્ય નર્મદા કેનાલમાંથી અજાણી વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના થરાદમાં આવેલી મુખ્ય નર્મદા કેનાલ ફરી એકવાર મૃતદેહ મળવાને કારણે ચર્ચામાં આવી છે. આજે વહેલી સવારે બળિયા હનુમાન મંદિર નજીક કેનાલના પાણીમાં એક વૃદ્ધાનો મૃતદેહ દેખાતા સ્થાનિકોએ ફાયર વિભાગને જાણ કરી હતી. થરાદ નગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને કેનાલના વહેણમાંથી બહાર કાઢવાની કામગીરી પૂર્ણ કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની ઉંમર આશરે ૬૦ થી ૬૫ વર્ષની હોવાનું જણાય છે. મહિલાના પહેરવેશમાં મરૂન રંગનો ફુલભાત વાળો ઘાઘરો અને આછા મેંદી કલરનું બ્લાઉઝ છે, તેમજ બંને હાથમાં એક-એક બંગડી પહેરેલી છે. તેમની પાસે કોઈ ઓળખપત્ર કે કિંમતી સામાન મળી આવ્યો નથી, જેથી તેમની ઓળખ અત્યારે એક કોયડો બની છે. ફાયર ટીમ દ્વારા મૃતદેહને થરાદ પોલીસને સોંપવામાં આવ્યો છે. પોલીસે મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ મોકલી આસપાસના ગામડાઓમાં ગુમ થયેલા વ્યક્તિઓની યાદી તપાસવાની તજવીજ હાથ ધરી છે. આ આત્મહત્યાનો બનાવ છે કે અકસ્માતે પગ લપસવાની ઘટના, તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.


રિપોર્ટ : જનક જાદવ

**થરાદની મુખ્ય નર્મદા કેનાલમાંથી એક અંદાજે ૬૦ થી ૬૫ વર્ષના અજાણ્યા મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. બળિયા હનુમાન મંદિર પાસે કેનાલમાં મૃતદેહ હોવાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમે તેને બહાર કાઢી ઓળખ વિધિ માટે પોલીસને સોંપ્યો છે.**

# પાટણ અને બનાસકાંઠાના ખેડૂતો હવે ઉનાવા કેન્દ્રો પર કપાસ વેચી શકશે

## કપાસ પકવતા ખેડૂતો માટે રાહત: CCI કેન્દ્રો પર વેચાણની મંજૂરી



**દૈનિક પલ્સ સમાચાર:** ઉત્તર ગુજરાતના કપાસ પકવતા ખેડૂતોની વર્ષો જૂની પીડાનો અંત લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા એક ઐતિહાસિક અને લોકહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલના સતત પ્રયાસો અને કેન્દ્રીય કાપડ મંત્રાલયમાં કરાયેલી સચોટ રજૂઆત બાદ પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો માટે મહેસાણાના કપાસ ખરીદી કેન્દ્રોના દ્વાર ખોલી દેવામાં આવ્યા છે. અત્યાર સુધીની ભૌગોલિક અને વહીવટી મર્યાદાઓને કારણે પાટણ અને બનાસકાંઠાના અનેક ખેડૂતો મહેસાણાના ઉનાવા APMC ની એકદમ નજીક હોવા છતાં ત્યાં પોતાનો કપાસ વેચી શકતા નહોતા. માત્ર જિલ્લો બદલાઈ જતો હોવાને કારણે ખેડૂતોએ મજબૂરીમાં પોતાના જિલ્લાના દૂરના કેન્દ્રો પર કપાસ લઈ જવો પડતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સાંસદ હરિભાઈ પટેલે ગત ૧૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહ સમક્ષ રૂબરૂ અને લેખિતમાં રજૂઆત કરી હતી કે, સરહદી જિલ્લાના ખેડૂતોને અંતરના આધારે નજીકના કેન્દ્રનો લાભ મળવો જોઈએ. કેન્દ્ર સરકાર દ્વારા આ રજૂઆતને સ્વીકારી લેવામાં આવી છે. હવે વિસનગરને મુખ્ય કેન્દ્ર અને ઉનાવાને પેટા કેન્દ્ર તરીકે કાર્યરત રાખીને પાટણ તથા બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને તેમાં સમાવી લેવામાં આવ્યા છે. આ નવી મંજૂરીના કારણે હવે પાટણના સરસ્વતી, સિદ્ધપુર કે હારીજ પંથકના અને બનાસકાંઠાના સરહદી ગામોના ખેડૂતો સીધા જ ઉનાવા કે વિસનગર CCI કેન્દ્ર પર જઈને કપાસનું વેચાણ કરી શકશે. આ નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા સાંસદ હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે, "અમારો હેતુ હંમેશા ખેડૂતોની સુવિધા વધારવાનો રહ્યો છે. ઉનાવા કેન્દ્રની ભૌગોલિક સ્થિતિ એવી છે કે ત્યાં પડોશી જિલ્લાના ખેડૂતો ખૂબ જ સરળતાથી પહોંચી શકે છે. હવે તેમને લાંબુ અંતર કાપીને સમય અને નાણાંનો બગાડ કરવો પડશે નહીં." આ નિર્ણયથી ખેડૂતોમાં ભારે આનંદની લહેર જોવા મળી રહી છે. સરકારના આ પગલાથી કપાસની ખરીદી પ્રક્રિયા વધુ ઝડપી બનશે અને ખેડૂતોને વચેટિયાઓથી મુક્તિ મળી સીધા સરકારી ટેકાના ભાવનો લાભ મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસોમાં આ એક મહત્વનું કદમ માનવામાં આવી રહ્યું છે.

**ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર છે. પાટણ અને બનાસકાંઠાના ખેડૂતો હવે મહેસાણાના ઉનાવા અને વિસનગર CCI કેન્દ્રો પર પોતાનો કપાસ વેચી શકશે. સાંસદ હરિ પટેલની રજૂઆત બાદ કેન્દ્ર સરકારે ખેડૂતોના હિતમાં આ મહત્વનો નિર્ણય લીધો છે.**

# ધાનપુરના પીપેરોમાં વિરાટ હિન્દુ સંમેલન: સામાજિક એકતાનું ભવ્ય આયોજન થયું

**દૈનિક પલ્સ સમાચાર:** ધાનપુરના પીપેરો ગામે હિન્દુ એકતાના દર્શન કરાવતું વિરાટ હિન્દુ સંમેલન ભવ્ય રીતે સંપન્ન થયું. પીપેરો મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમ રાજ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના સંકુલમાં યોજાયો હતો. આ સંમેલનમાં નરેન્દ્રભાઈ ખાબડે અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું.

મુખ્ય વક્તા બળવંતભાઈ રાવતે પોતાના વક્તવ્યમાં હિન્દુ સમાજને સેવા, સંસ્કાર અને સુરક્ષા જેવા પાયાના મુદ્દાઓ પર સંગઠિત થવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે સામાજિક સમરસતા જ રાષ્ટ્રની ઉન્નતિનો માર્ગ છે. આ પ્રસંગે ધારાસભ્ય બચુભાઈ ખાબડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંસ્કૃતિના રક્ષણ અને રાષ્ટ્રભક્તિના સંકલ્પ સાથે સમાજને એકતાના તાંતણે બાંધવા હાકલ કરી હતી. ખાસ કરીને યુવાનોને સંબોધતા તેમણે કહ્યું કે, યુવાશક્તિ જ સમાજના પરિવર્તનનું કેન્દ્ર છે, તેથી તેમણે સામાજિક કાર્યોમાં સક્રિય યોગદાન આપવું જોઈએ. આ સંમેલનમાં વિવિધ સમાજના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં યુવાનોએ હાજરી આપી હતી. સમગ્ર વિસ્તારમાં આ સંમેલનને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે આયોજક મંડળ દ્વારા તમામ મહેમાનો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ આયોજન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું હતું અને લોકોમાં એક નવી ઊર્જાનો સંચાર કર્યો હતો.


રિપોર્ટ :નરેન્દ્રસિંહ ચૌહાણ




## બનાસકાંઠા: વેબસાઇટો અપડેટ ન થતા અરજદારો પરેશાન

બનાસકાંઠા જિલ્લામાં સરકારી તંત્રની લાપરવાહીએ માઝા મૂકી છે. 'ડિજિટલ ઇન્ડિયા'ના બણગા ફૂંકતું તંત્ર પોતાની સત્તાવાર વેબસાઇટો અપડેટ કરવામાં પણ નિષ્ફળ રહ્યું છે. રિયાલિટી ચેકમાં સામે આવ્યું છે કે પાલનપુર તાલુકા પંચાયતની વેબસાઇટ પર વર્તમાન ટીડીઓના સ્થાને નિવૃત્ત અધિકારીના ફોટા હજુ હટાવાયા નથી. આટલું ઓછું હોય તેમ, પાલનપુર માર્કેટયાર્ડની વેબસાઇટ પર પણ વર્તમાન ચેરમેન શામળભાઇ ધરીયાના બદલે પૂર્વ ચેરમેન ફતાભાઇ ધરીયાની માહિતી દેખાઈ રહી છે.

જ્યારે આ બાબતે સવાલો ઉઠ્યા ત્યારે વર્તમાન ટીડીઓ પિયુષ સિસોદિયાએ રટેલો જવાબ આપ્યો કે વિગતો ગાંધીનગર મોકલી છે પણ ત્યાંથી અપડેટ થઈ નથી. સવાલ એ છે કે શું આટલી સામાન્ય પ્રક્રિયામાં મહિનાઓ નીકળી જાય? આ ગંભીર બેદરકારીને કારણે સાચી વિગતો મેળવવા માંગતા અરજદારોને મુશ્કેલી પડી રહી છે અને તેમને ફરજિયાત કચેરીઓના ધક્કા ખાવા પડે છે.


## પાલનપુર: હેડ પોસ્ટ ઓફિસમાં ટચ સ્ક્રીન કિયોસ્ક ધૂળ ખાય છે

પાલનપુર હેડ પોસ્ટ ઓફિસમાં 'સેવા' ના નામે ગ્રાહકોને હાલાકી સિવાય કંઈ મળતું નથી. લાખો રૂપિયાના ખર્ચે જે ટચ સ્ક્રીન કિયોસ્ક મશીન યાત્રિકો અને ગ્રાહકોની સુવિધા માટે લાવવામાં આવ્યું હતું, તે આજે તંત્રની લાપરવાહીને કારણે ભંગાર અવસ્થામાં પડ્યું છે. આ મશીન દ્વારા ગ્રાહકો સ્પીડ પોસ્ટ, પાર્સલ અને બચત યોજનાઓની માહિતી જાતે મેળવી શકતા હતા, પરંતુ તેની સ્ક્રીન બગડતા જ બધું જ ઠપ થઈ ગયું છે.

ટોકન સિસ્ટમ બંધ હોવાને કારણે ઓફિસની અંદર અરાજકતા જેવો માહોલ સર્જાય છે. સ્થાનિક ગ્રાહક ઈશ્વરભાઈ ચૌધરીએ રોષે ભરાઈને જણાવ્યું કે, "જ્યારે મશીન ચાલુ હતું ત્યારે કામ પાંચ મિનિટમાં પતતું, હવે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે." નવાઈની વાત તો એ છે કે, પોસ્ટ ઓફિસના સૂત્રો જ સ્વીકારે છે કે મશીનની સ્ક્રીન મોંઘી હોવાથી બજારમાં મળતી નથી. શું ભારત સરકાર પાસે એક મશીન રિપેર કરાવવાના પણ ફંડ નથી? કે પછી સરકારી બાબુઓને જનતાની મુશ્કેલીઓની કોઈ કિંમત જ નથી?

## પાંથાવાડા: પીકઅપ ડાલામાં છુપાવેલ લાખોનો દારૂ ઝડપાયો

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ વચ્ચે બનાસકાંઠામાં બૂટલેગરોએ જાણે પોલીસને પડકાર ફેંક્યો છે. એલસીબી પોલીસે બાતમીના આધારે પાંથાવાડાના વક્તાપુરા ગામની સીમમાં રેડ પાડીને વિદેશી દારૂનો જથ્થો ભરેલી પીકઅપ ગાડી પકડી પાડી છે. પોલીસને થાપ આપવા માટે બૂટલેગરોએ ગાડીમાં પૂઠ્ઠાની આડમાં ૧૬૫૦ નંગ દારૂની બોટલો છુપાવી હતી. ઝડપાયેલા દારૂની કિંમત અંદાજે ૬.૩૪ લાખ રૂપિયા છે, જ્યારે ગાડી સહિત કુલ ૧૧.૫૪ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે લીધો છે. આ મામલે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. રાજસ્થાનની સરહદેથી આટલો મોટો જથ્થો છેક વક્તાપુરા સુધી પહોંચી જાય તે પોલીસની સતર્કતા પર સવાલિયા ચિહ્ન મૂકે છે. જોકે, એલસીબીની આ કાર્યવાહીથી સ્થાનિક બૂટલેગરોમાં ફફડાટ જરૂર ફેલાયો છે, પરંતુ દારૂની આટલી મોટી ખેપ કોને ત્યાં પહોંચાડવાની હતી તે દિશામાં વધુ તપાસ અનિવાર્ય છે.




# મહાશિવરાત્રિ નિમિત્તે નવચંડી મહાયજ્ઞ અને શિવ પૂજાનું ભવ્ય આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રિ એટલે દેવાધિદેવ મહાદેવની ઉપાસનાનો દિવસ. આ વર્ષે આ પર્વને વિશેષ બનાવવા માટે જય માડી પરિવાર દ્વારા શિવશક્તિની ભક્તિના ત્રિવેણી સંગમ સમાન કાર્યક્રમનું આયોજન કરાયું છે. પરિવારના આંગણે આયોજિત આ મહોત્સવમાં પવિત્ર મહાશિવરાત્રિ નિમિત્તે શિવ મહાપૂજા અને નવચંડી મહાયજ્ઞ મુખ્ય આકર્ષણ રહેશે.

ખાસ કરીને, આ નવચંડી મહાયજ્ઞના આયોજનનો આ વર્ષે સતત ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ થઈ રહ્યો છે, જે ભક્તો માટે ખુશીના સમાચાર છે. આયોજકોના મતે, આ કોઈ વ્યક્તિગત ઉત્સવ નથી પરંતુ આદ્યશક્તિ 'માં' નો દિવ્ય ઉત્સવ છે, જેમાં માનવ માત્ર નિમિત્ત માત્ર છે. કાર્યક્રમ દરમિયાન શિવાલયોમાં વિશેષ શણગાર અને વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞની આહુતિઓ આપવામાં આવશે.

જય માડી પરિવાર દ્વારા તમામ શ્રદ્ધાળુઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ મહાપૂજા અને મહાયજ્ઞના દર્શનનો લાભ લે અને શિવ-શક્તિના આશીર્વાદ પ્રાપ્ત કરે. ધાર્મિક પરંપરાઓને જાળવી રાખવા અને નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવાના ઉમદા હેતુથી આ પ્રકારના આયોજનો કરવામાં આવે છે. ભક્તોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિને ધ્યાનમાં રાખીને પરિવાર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.


રિપોર્ટ : દિપક પરમાર

**જય માડી પરિવાર દ્વારા પવિત્ર મહાશિવરાત્રિ નિમિત્તે શિવશક્તિની ભક્તિના અનેરા પ્રસંગનું આયોજન કરાયું છે. આ અવસરે શિવ મહાપૂજા અને નવચંડી મહાયજ્ઞ યોજાશે, જેનો લાભ લેવા તમામ ભક્તોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.**

# મીઠાવીચારણ RMMS શાળામાં ધોરણ 10ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** ધરણીધર તાલુકાની મીઠાવીચારણ R.M.M.S. ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે વિદાય અને શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક વર્ષના અંતે બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે આ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ મંચ પરથી શાળા સાથે જોડાયેલા પોતાના મધુર સંસ્મરણો વાગોળ્યા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, શાળામાં માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં, પરંતુ સર્વાંગી શિક્ષણની સાથે ઉત્તમ સંસ્કારો અને માનવીય મૂલ્યોનું સિંચન પણ થયું છે. આ ભાવસભર વાતાવરણમાં અનેક વિદ્યાર્થીઓની આંખોમાં ભીનાશ જોવા મળી હતી. શાળાના આચાર્ય ભાવેશભાઈ અને સમગ્ર શિક્ષક પરિવારે વિદ્યાર્થીઓની વર્ષભરની મહેનત અને સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના મહત્વના મુદ્દાઓ સમજાવ્યા હતા અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યશ્રીએ આશા વ્યક્ત કરી હતી કે, આ બેચના વિદ્યાર્થીઓ બોર્ડમાં તેજસ્વી પરિણામ લાવીને શાળાની યશકલગીમાં વધારો કરશે. અંતમાં, તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા માટે પેન અને શુભેચ્છા કાર્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.


રિપોર્ટ : વશાભાઈ વાલડીયા

**ધરણીધર તાલુકાની મીઠાવીચારણ R.M.M.S. શાળામાં ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે વિદાય અને શુભેચ્છા સમારંભ યોજાયો હતો. પ્રાર્થના સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં આચાર્ય ભાવેશભાઈ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને આગામી બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ સફળતા મળે તેવી શુભકામનાઓ પાઠવી.**

# અંબાજી મંદિરમાં યાત્રિકો માટે 'જય અંબે તિથિ ભોજન' યોજના શરૂ થઈ.

## અંબાજી શક્તિપીઠ: જય અંબે તિથિ ભોજન યોજનાનો શુભારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** યાત્રાધામ અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુઓ માટે એક અતિ મહત્વની અને સેવાભાવી 'જય અંબે તિથિ ભોજન' યોજના અમલમાં મૂકવામાં આવી છે. 'અન્નદાન મહાદાન'ના સૂત્રને સાર્થક કરતી આ યોજના અંતર્ગત માઈભક્તો હવે અન્નક્ષેત્રમાં સીધી રીતે ભાગીદાર બની શકશે.
યોજનાની ખાસિયતો: આ યોજના હેઠળ કોઈ પણ વ્યક્તિ, પરિવાર કે સંસ્થા ₹1,51,000 (એક લાખ એકાવન હજાર) નું દાન આપીને વર્ષની કોઈપણ એક નિશ્ચિત તિથિ કે તારીખ માટે આજીવન દાતા બની શકશે. દાતાઓના આ સહયોગની કાયમી નોંધ લેવા માટે 'અંબિકા અન્નક્ષેત્ર'માં તેમના નામની વિશેષ તકતી લગાવવામાં આવશે. જો કોઈ દાતા વર્ષમાં એકથી વધુ દિવસો માટે ભોજન સેવા આપવા ઈચ્છતા હોય, તો તેઓ 1,51,000 ના ગુણાંકમાં રકમ અર્પણ કરી શકશે.
અંબાજી ખાતે કાર્યરત અંબિકા અન્નક્ષેત્રમાં દરરોજ હજારો યાત્રાળુઓ નિ:શુલ્ક ભોજનનો લાભ લે છે. સવારના મેનુમાં પૂરી, રોટલી, બટાકાનું શાક, મિક્સ શાક, દાળ-ભાત અને પાપડનો સમાવેશ થાય છે, જ્યારે રાત્રિના ભોજનમાં ભાખરી, શાક અને કઢી-ખીચડી પીરસાય છે. રવિવાર અને પૂનમ જેવા પવિત્ર દિવસોએ 7,000થી 8,000 જેટલા શ્રદ્ધાળુઓ માટે વિશેષ મોહનથાળનો પ્રસાદ તૈયાર કરવામાં આવે છે. મંદિરના વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં આ યોજનાના લોન્ચિંગ અંગે નિર્ણય લેવાયો છે. આગામી 18 ફેબ્રુઆરી 2026, બુધવારના રોજ સવારે 11 કલાકે અંબાજી મંદિરના ચાચર ચોક ખાતે આ યોજનાનો મંગલ શુભારંભ થશે. આ પ્રસંગે દાતાઓનું સન્માન પણ કરવામાં આવશે. અંબાજી ટ્રસ્ટ દ્વારા દેશ-વિદેશમાં વસતા તમામ માઈભક્તોને આ ભગીરથ કાર્યમાં સહયોગી બનવા અને 18 ફેબ્રુઆરીએ આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ યોજનાથી અંબાજી આવતા લાખો યાત્રાળુઓને અવિરતપણે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભોજન પ્રસાદ મળતો રહેશે.



**આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા 'અન્નદાન મહાદાન'ની ભાવના સાથે 'જય અંબે તિથિ ભોજન' યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત દાતાઓ ₹1.51 લાખનું દાન આપી વર્ષની એક નિશ્ચિત તિથિ માટે આજીવન દાતા બની શકશે. દાતાઓના સન્માનમાં અન્નક્ષેત્રમાં તેમના નામની તકતી પણ લગાવાશે. 18 ફેબ્રુઆરીના રોજ સવારે 11 કલાકે ચાચર ચોકમાં આ યોજનાનો શુભારંભ અને દાતા સન્માન સમારોહ યોજાશે. દરરોજ હજારો શ્રદ્ધાળુઓ લાભ લેતા આ અન્નક્ષેત્રમાં જોડાવા ટ્રસ્ટ દ્વારા ભાવભર્યું આમંત્રણ અપાયું છે.**

# ભરૂચમાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા ૧૦૦ BTET સભ્યોની ભરતી કરાશે

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચના નાગરિકો માટે ટ્રાફિક નિયમનમાં સહભાગી થવાની તક ઊભી થઈ છે. ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ૧૦૦ BTET (ભરૂચ ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ) માનદ સભ્યોની ભરતી માટેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીનો મુખ્ય હેતુ જિલ્લામાં વધતા જતા ટ્રાફિકને નિયંત્રિત કરવામાં પોલીસને સહાય પૂરી પાડવાનો છે.
ભરતીની શરતો મુજબ, અરજદાર જે-તે પોલીસ સ્ટેશન વિસ્તારનો કાયમી રહેવાસી હોવો જોઈએ. લાયકાતમાં લઘુત્તમ ધોરણ ૧૦ પાસ અને ઉંમર ૨૦ થી ૪૦ વર્ષ વચ્ચે હોવી અનિવાર્ય છે. પસંદગી પ્રક્રિયામાં શારીરિક કસોટી મુખ્ય રહેશે, જેમાં પુરુષ અને મહિલા બંને માટે ૮૦૦ મીટરની દોડ નિર્ધારિત સમયમાં પૂરી કરવાની રહેશે. ઈચ્છુક ઉમેદવારોએ તાત્કાલિક પોતાના નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ફોર્મ મેળવી લેવું, કારણ કે ફોર્મ જમા કરાવવાની મુદત જાહેરાત પ્રસિદ્ધ થયાના માત્ર ૫ દિવસ સુધીની જ છે. અરજી ફોર્મ સાથે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને રહેઠાણના પુરાવાઓ સ્વપ્રમાણિત કરીને જોડવાના રહેશે. ભરૂચ પોલીસના આ પ્રયાસથી યુવાનોને સેવાની તક મળશે અને શહેરની ટ્રાફિક વ્યવસ્થામાં પણ સુધારો જોવા મળશે. આ ભરતી અંગેની વધુ માહિતી સ્થાનિક પોલીસ મથકેથી મેળવી શકાશે.








# નડિયાદમાં એક્સપ્રેસ હાઈવે પરથી લાખોની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદ ટાઉન પોલીસે બાતમીના આધારે એક્સપ્રેસ હાઈવે નજીક ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડીને વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. ખેડા જિલ્લામાં દારૂ અને જુગાર જેવી પ્રવૃત્તિઓ ડામી દેવા માટે પોલીસ કડક વલણ અપનાવી રહી છે, જે અંતર્ગત નડિયાદ સર્વેલન્સ સ્ટાફને મળેલી ચોક્કસ માહિતીને પગલે આ સફળતા મળી છે.
પોલીસને મળેલી માહિતી મુજબ, એક બ્લ્યુ કલરની મારૂતિ સુઝુકી બલેનો ગાડીમાં દારૂનો જથ્થો છુપાવીને નડિયાદમાં પ્રવેશવામાં આવનાર હતો. આ બાતમી મળતા જ પોલીસે એક્સપ્રેસ હાઈવેથી બારકોશીયા રોડ પર વોચ ગોઠવી હતી. બાતમીવાળી ગાડી દેખાતા જ તેને કોર્ડન કરીને ઉભી રખાઈ હતી. ગાડીની બારીકાઈથી તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી ૧૨૭ બોટલો મળી આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, જપ્ત કરાયેલા દારૂની કિંમત ₹૩,૯૩,૬૭૦/- છે. આ ઉપરાંત પોલીસે ₹૩ લાખની કિંમતની બલેનો કાર અને ₹૫,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ ₹૬,૯૮,૬૭૦/-નો મુદ્દામાલ કબજે લીધો છે.
પકડાયેલ આરોપીની ઓળખ દુર્ગા પ્રસાદ મોહનરામ જાટ (ઉંમર વર્ષ ૩૪) તરીકે થઈ છે, જે રાજસ્થાનના જોધપુરનો વતની છે. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે તે પોલીસને છેતરવા માટે ગાડી પર ખોટી નંબર પ્લેટ લગાવીને હેરાફેરી કરતો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. આ સફળ કામગીરીમાં નડિયાદ ટાઉન પી.આઈ. એસ.બી. દેસાઈ અને તેમની સર્વેલન્સ ટીમનો મહત્વનો ફાળો રહ્યો હતો. આગામી સમયમાં આ કેસમાં અન્ય મોટા માથાઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે.



રિપોર્ટ : પ્રકાશ વાઘેલા




# જસદણમાં લોહીયાળ ખેલ: શિવરાજપુર ચોકડી પર આધેડની નિર્મમ હત્યા

**દૈનિક પલ્સ સમાચાર:** જસદણના શિવરાજપુર ચોકડી પાસે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી ઘટના સામે આવી છે. ધોળા દિવસે જાહેરમાં ૧૫ થી વધુ હુમલાખોરોએ ખાંડા હડમતીયા ગામના આધેડ છગન વિઠ્ઠલભાઈ ઝાપડિયાને ઘેરી લઈને મોતને ઘાટ ઉતારી દીધા છે. હુમલાખોરોએ એટલી ક્રૂરતા દાખવી હતી કે આધેડ પર પાઈપ, લાકડી અને તીક્ષ્ણ છરી વડે ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા.
આ ભયાનક હત્યાની સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં હુમલાખોરો બેફામ રીતે શસ્ત્રો ઉલાળતા જોવા મળી રહ્યા છે. હત્યા કર્યા બાદ શખ્સો ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં આધેડને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ જસદણ સિવિલ હોસ્પિટલ ખાતે લોકોના ટોળા ઉમટ્યા છે અને પરિવારમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જસદણ પોલીસે ગુનો નોંધી અલગ-અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ આયોજનબદ્ધ હત્યા હોય તેવું જણાઈ રહ્યું છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ કરવાની તજવીજ હાથ ધરી છે.


રિપોર્ટ : મનીષ રામાણી

**જસદણની શિવરાજપુર ચોકડી પર કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડ્યા છે. ખાંડા હડમતીયાના છગન ઝાપડિયાની ૧૫થી વધુ શખ્સોએ પાઈપ અને છરી વડે રહેંસી નાખી કરપીણ હત્યા કરી છે. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થતા પોલીસે હત્યારાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા**

# નાનીમાળમાં ૧૨ જ્યોતિર્લિંગ મંદિર જીર્ણોદ્ધાર: હર્ષ સંઘવીની ઉપસ્થિતિ

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના નાનીમાળ ગામે આસ્થા અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાયો હતો. કૈલાશધામ મંદિર આશ્રમ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ૧૨ જ્યોતિર્લિંગ સહિત ૧૭ મંદિરોનો જીર્ણોદ્ધાર સમારોહ સંપન્ન થયો.
હર્ષ સંઘવીએ ભગવાન સોમનાથ, મલ્લિકાર્જુન અને મહાકાલના પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંબોધન દરમિયાન તેમણે યુવાનોને ખરાબ આદતોનો ત્યાગ કરી વ્યસનમુક્ત જીવન જીવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે નાનીમાળના ભક્તો માટે આ ગૌરવની ક્ષણ છે કે તેમને ઘર આંગણે જ ૧૨ જ્યોતિર્લિંગના દર્શનનો લ્હાવો મળી રહ્યો છે. આ મંદિરોનું નિર્માણ ૨૫ વર્ષ પહેલા થયું હતું, પરંતુ સમય જતાં તે જર્જરિત થતા મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૩ વર્ષમાં પુનઃનિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. વિજયગીરી બાપુની કલ્પના મુજબ અહીં મંદિરોની એક સુંદર 'માળ' રચાઈ છે. આ પ્રસંગે નિમુબેન બાંભણિયા, જીતુભાઈ વાઘાણી, પરસોત્તમભાઈ સોલંકી, મહેશભાઈ સવાણી અને અન્ય ધારાસભ્યોએ હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે પર્યાવરણ જાળવણી માટે આગેવાનો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.


રિપોર્ટ : ઝીશાન ખૂંટ

**પાલીતાણાના નાનીમાળ ગામે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ૧૨ જ્યોતિર્લિંગ સહિત ૧૭ મંદિરોનો જીર્ણોદ્ધાર સમારોહ યોજાયો. તેમણે યુવાનોને નશાથી દૂર રહી સમાજ ઘડતરમાં ફાળો આપવા હાકલ કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય અને રાજ્ય મંત્રીઓ પણ હાજર રહ્યા હતા.**